Wednesday
08.11.2023
✳Volume :8 ✳ Issue No.105
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs.90/-

ગ્રાહક ખરીદી કરતી વખતે બિલ મેળવી અપલોડ કરે એ દેશના વિકાસમાં મોટું કદમ કહેવાશે: કેન્દ્રીય મંત્રીશ્રી નિર્મલા સીતારમણ

કેન્દ્રીય નાણામંત્રીશ્રી નિર્મલા સીતારમણના હસ્તે પાયલોટ પ્રોજેક્ટ તરીકે વાપીથી રાજયના ૧૨ જીએસટી સેવા કેન્દ્રનું ઈ-લોકાર્પણ કરાયું

જીએસટી સેવા કેન્દ્ર દ્વારા કોઈ તકલીફ પડશે નહી પરંતુ સુવિધામાં વધારો થશે. બોગસ રજિસ્ટ્રેશન થશે નહીઃ રાજયના નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ

કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું કે, નૈતિક ફરજના ભાગરૂપે સામે ચાલીને બિલ આપે એટલી પ્રમાણિકતા દુકાનદારોએ દાખવવી જોઈએ

દેશના અર્થતંત્રમાં એશિયાની જુનામાં જુની વાપી જીઆઈડીસીનું બહુમૂલ્ય યોગદાન હોવાનું જણાવતા કેન્દ્રીય મંત્રીશ્રી નિર્મલા સીતારમણ

કમલમ્ ન્યુઝ,
કેન્દ્ર સરકારના નાણાં અને કોર્પોરેટ અફેર્સ વિભાગના મંત્રીશ્રી નિર્મલા સીતારમણના હસ્તે રાજયના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની પ્રેરક ઉપસ્થિતિમાં વલસાડ જિલ્લાના વાપીની જ્ઞાનધામ સ્કૂલ ખાતે જીએસટી સેવા કેન્દ્રની સાથે રાજ્યના ૧૨ જીએસટી સેવાકેન્દ્રનું ઈ-લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે કેન્દ્રીય નાણામંત્રીશ્રી સીતારમણે જણાવ્યું કે, બોગસ બીલિંગ અટકાવવા માટે શરૂ થઈ રહેલા જીએસટી સેવા કેન્દ્રમાં બાયોમેટ્રીક સિસ્ટમથી જીએસટી નંબર મેળવવા માટેની તમામ પ્રોસેસ પાસપોર્ટ મેળવતી વખતે કરવાની હોય તે મુજબની જ છે, માત્ર પોલિસ વેરિફિકેશન કરવાનું રહેતું નથી. ગુજરાતમાં મુખ્ય મુખ્ય જગ્યા પસંદ કરી જીએસટી સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. દરેક કચેરીનું ઈન્ફ્રાસ્ટ્રકચર એક સરખું છે. લોકોને સરળતા પડે તે મુજબ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે જે બદલ ગુજરાત જીએસટી ટીમને બિરદાવું છું. ગુજરાત બિઝનેસનું હબ છે ત્યારે પાયલોટ પ્રોજેકટ તરીકે ગુજરાતમાં શરૂ થયેલા જીએસટી સેન્ટર અન્ય રાજ્યો માટે મોડલ બનશે.

વધુમાં મંત્રીશ્રીએ ''મેરા બિલ, મેરા અધિકાર'' કેમ્પેઈન અંગે કહ્યું કે, દેશનો સામાન્યમાં સામાન્ય નાગરિક પણ ખરીદી કરતી વખતે વેપારી કે દુકાનદાર પાસે બિલ માંગી રાષ્ટ્રના વિકાસમાં પોતાનું બહુમૂલ્ય યોગદાન આપી શકે છે. ગ્રાહક ટ્રેન્ડસેટર બની શકે છે. બિલ લેવું ગ્રાહકનો અધિકાર છે અને બિલ આપવું એ વેપારી-દુકાનદારની ફરજ છે. મેરા બિલ, મેરા અધિકારથી લોકોમાં જાગૃતિ આવી રહી છે. પીઝા, મિઠાઈ અને કપડાં જેવી નાની મોટી ખરીદી કરી ગ્રાહકોએ બિલ અપલોડ કર્યું તેનાથી લકી ડ્રોમાં જે લોકોને રૂ. ૧૦ લાખનું ઈનામ મળ્યું છે તેઓ અભિનંદનને પાત્ર છે. વધુમાં વધુ લોકો ખરીદી કરતી વખતે બિલ મેળવી અપલોડ કરે એ દેશના વિકાસમાં મોટું કદમ કહેવાશે. દુકાનદારોએ પણ નૈતિક ફરજના ભાગરૂપે સામે ચાલીને બિલ આપે એટલી પ્રમાણિકતા દાખવવી જોઈએ. જીએસટીને ૬ વર્ષ પુરા થયા છે. લોકોની જાગૃત્તિના કારણે દરમહિને ટેક્સ કલેક્શન વધી રહ્યું છે. જેના થકી રાષ્ટ્રનો પારદર્શી વિકાસ થઈ રહ્યો છે. મંત્રીશ્રીએ વલસાડના પનોતા પુત્ર અને દેશના માજી પ્રધાનમંત્રી સ્વ. મોરારજીભાઈ દેસાઈને યાદ કરી કહ્યું કે, તેઓના સિદ્ધાંત અને હકારાત્મકતાના કારણે તેઓ મહાન નેતા બન્યા હતા. એશિયાની સૌથી મોટી ગણાતી વાપી જીઆઈડીસી તેમણે ભેટ રૂપે આપી હતી. દેશના અર્થતંત્રમાં વાપી જીઆઈડીસીનું બહુમૂલ્ય યોગદાન છે. આજે વાપીની ધરતી પર આવી ગર્વ અનુભવું છું એવું મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

રાજ્યના નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ દિવાળી પર્વે વાપીને જીએસટી સેવા કેન્દ્રની ભેટ આપવા બદલ કેન્દ્રીય નાણામંત્રીશ્રીનો આભાર માની જણાવ્યું કે, જીએસટી ૬ વર્ષ પહેલાં લાગુ થયું ત્યારે લોકોના અનેક પ્રશ્નો હતા પરંતુ દેશના દરેક રાજ્યોના જીએસટી કાઉન્સિલના મેમ્બરોના અભિપ્રાયો જાણીને જીએસટી કાઉન્સિલના અધ્યક્ષ તરીકે નિર્મલા સીતારમણે લોકોના હિતને પ્રાધાન્ય આપી અનેક ફેરફારો કર્યા. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈનું સપનું હતું કે, ''વન નેશન, વન ટેક્સ'' જે સાકાર થયું છે. જે માટે આજના તબક્કે સ્વ. અરુણ જેટલીને યાદ કરવા જરૂરી છે તેમણે જીએસટીનો મજબૂત પાયો નાખ્યો હતો. દેશના વિકાસમાં ગુજરાતનો વિશેષ ફાળો છે. ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન બન્યું છે. ઔદ્યોગિક ક્ષેત્રે ૧૮ ટકા ઉત્પાદન ગુજરાતમાં થાય છે. ૧૦ ટકા ફેક્ટરી ગુજરાતમાં છે. ગુજરાત બિઝનેસ ફ્રેન્ડલી છે. વાપી ૨ લાખથી વધુ લોકોને રોજગારી આપે છે. જીએસટી કલેક્શનમાં ગુજરાતમાં વાપી ૧૦ ટકા ફાળો આપે છે. બુલેટ ટ્રેન, એક્સપ્રેસ હાઈવે અને ડેડીકેટ ફ્રેઈટ કોરિડોર પણ વાપીથી પસાર થશે. વધુમાં ગુજરાત સેલ્સ ટેક્સ ડિપાર્ટમેન્ટની કામગીરીને બિરદાવતા મંત્રીશ્રી દેસાઈએ જણાવ્યું કે, ૨૦ ટકા વધારા સાથે ૧ લાખ કરોડથી વધુ જીએસટી કલેક્શન થયું છે. મેરા બિલ, મેરા અધિકારથી મોટી સફળતા મળી છે. જીએસટી સેવા કેન્દ્ર દ્વારા કોઈ પણ કરદાતા કે વિક્રેતાને તકલીફ પડશે નહી પરંતુ સુવિધામાં વધારો થશે. કોઈ પણ બોગસ રજિસ્ટ્રેશન થશે નહી. આ સેન્ટરો ઉપયોગી બનશે એવી મંત્રીશ્રીએ આશા વ્યકત કરી હતી. વધુમાં તેમણે વાપીમાં જ આ કાર્યક્રમ થવાના કારણ અંગે કહ્યું કે, વાપીમાં એશિયાની જુનામાં જુની જીઆઈડીસી છે, સ્કૂલ, હોસ્પિટલ અને પર્યાવરણની જાળવણી માટે વૃક્ષારોપણમાં પણ અગ્રેસર ફાળો આપે છે.

સીબીઆઈસીના ચેરમેન સંજય અગ્રવાલે મેરા બીલ, મેરા અધિકાર થકી મળેલી સફળતા વર્ણવી હતી. શશાંક અય્યરે પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. જીએસટીના ગુજરાતના ચીફ કમિશનર સમીર વકીલે સ્વાગત પ્રવચન કર્યુ હતું. કાર્યક્રમ દરમિયાન રાજ્યના ૧૨ વિવિધ જીએસટી સેવા કેન્દ્રમાં થતી કામગીરીની ફિલ્મ બતાવવામાં આવી હતી. ૧૨ જીએસટી સેવા કેન્દ્રમાં અમદાવાદ, વડોદરા, સુરત, ગોધરા, વાપી, મહેસાણા, પાલનપુર, ગાંધીનગર, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીધામનો સમાવેશ થાય છે. કેન્દ્રીય નાણામંત્રીશ્રીએ વાપીના જીએસટી સેવા કેન્દ્રની વિઝિટ કરી હતી. જ્ઞાનધામ સ્કૂલની વિદ્યાર્થીનીઓએ સ્વાગત ગીતની કૃતિ રજૂ કરી હતી. મંત્રીશ્રી નિર્મલા સીતારમણના હસ્તે વાપી તાલુકાની વિવિધ શાળાને ચંદ્રયાન – ૩ની પ્રતિકૃતિ ભેટરૂપે આપવામાં આવી હતી. આ લોકાર્પણ કાર્યક્રમમાં વલસાડ ડાંગના સાંસદ ડૉ.કે.સી.પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ મનહરભાઈ પટેલ, વલસાડ, ધરમપુર અને ઉમરગામના ધારાસભ્ય સર્વ ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ અને રમણલાલ પાટકર, જિલ્લા સંગઠનના પ્રમુખ હેમંતભાઈ કંસારા, વીઆઈએ પ્રમુખ સતિષભાઈ પટેલ અને જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રે સહિત વાપીના ઉદ્યોગપતિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અમી જસાનીએ કર્યુ હતું.

ફિકસ પગારના કર્મચારીઓના વેતનમાં થયેલા વધારાનો લાભ ગુજરાત એસ.ટી નિગમના ફિકસ પગારના કર્મચારીઓને મળશે : વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવી

રાજ્યના ૨૫ લાખથી વધુ પરિવારોને યાતાયાતની સુવિધા પુરી પાડવાનું ઉત્તમ કાર્ય કરી રહેલા ગુજરાત એસટી વિભાગના ફિક્સ પગારના કર્મચારીઓ માટે મહત્વપુર્ણ નિર્ણય



કમલમ્ ન્યુઝ,
રાજ્યના મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલએ કર્મચારીઓ પ્રત્યે હરહંમેશથી હકારાત્મક અભિગમ દાખવ્યો હોવાનું જણાવી વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યુ કે, તાજેતરમાં જ રાજયના ફિક્સ પગારના કર્મચારીઓના પગારમાં ૩૦ ટકા જેટલો વધારો કરવાનો નિર્ણય કર્યો હતો ત્યારે આજે ગુજરાત એસ.ટી નિગમના ફિક્સ પગારના કર્મચારીઓને પણ હવે આ લાભ આપવા સંદર્ભે મહત્વપુર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી ૭ હજારથી વધુ કર્મચારીઓને લાભ થશે. આ મહત્વપૂર્ણ જાહેરાત કરતા વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, વાર-તહેવાર ભૂલીને રાજ્યના ૨૫ લાખથી વધુ પરિવારોને યાતાયાતની સુવિધા પુરી પાડવાનું ઉત્તમ કાર્ય કરી રહેલા ગુજરાત એસટી વિભાગના સૌ કર્મચારીઓ અભિનંદનને પાત્ર છે. તાજેતરમાં જ એસ.ટી યુનિયન સાથે બેઠક કરીને વિવિધ પ્રશ્નો અંગે વિસ્તારપૂર્વક ચર્ચા કરી મોટા ભાગના પ્રશ્નોના નિરાકરણ લાવવામાં આવ્યા હતા. આજે એસ.ટી વિભાગના વિવિધ યુનિયન અને વાહન વ્યવહાર મંત્રીશ્રી વચ્ચે બેઠક યોજાઇ હતી. જેમાં સૌ યુનિયનના હોદ્દેદારો તેમજ નિગમમાં ફરજ બજાવતા ફિક્સ પગારના કર્મચારીઓ ઉપરાંત એસ.ટી નિગમના અધિકારીશ્રીઓ જોડાયા હતા. આ નિર્ણયને આવકારીને એસ.ટી નિગમના વિવિધ યુનિયનના હોદ્દેદારો તેમજ કર્મચારીઓ દ્વારા વાહન વ્યવહાર મંત્રીશ્રીનું અભિવાદન કરી સન્માન કરવામાં આવ્યુ હતું.

'સાબરકાંઠા જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ'ની બેઠકમાં માનનીય કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબ હાજર

કમલમ્ ન્યુઝ,
ગાંધીનગર ખાતે 'ન્યુ ગુજરાત પેટર્ન યોજના' વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના આયોજન માટે 'સાબરકાંઠા જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ'ની બેઠકમાં માનનીય કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતસાહેબે હાજરી આપી. અગાઉના વર્ષોના કામોની સમીક્ષા સાથે વિકાસના નવા કામોની મંજૂર કર્યા. આ બેઠકમાં જીલ્લા પંચાયત પ્રમુખ - શ્રીમતી ભારતીબેન પટેલ, ધારાસભ્યશ્રી - તુષારભાઈ ચૌધરી, સર્વે તાલુકા પંચાયતના પ્રમુખ ખેડબ્રહ્મા - શ્રી રામાભાઈ તરાર, પોશીના - શ્રીમતી સવિતાબેન પરમાર, વિજયનગર -શ્રીમતી ફુલવંતીબેન સોલંકી, ઇડર - શ્રી કાંતિભાઈ પટેલ, વડાલી -શ્રીમતી ચેતનાબેન પટેલ, કલેકટરશ્રી -શ્રી નૈમેષભાઈ દવે, પ્રયોજના વહિવટદારશ્રી - જે.જે નિનામા, ટી.ડી.ઓશ્રી અને વિભાગના અધિકારીઓશ્રી હાજર રહ્યાહતા.



કમલમ્ ન્યુઝ,
ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી ના અધ્યક્ષ શ્રી સી આર પાટિલ સાહેબ અને સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી ની અધ્યક્ષતા યોજાયેલ વર્ચ્યુઅલ બેઠકમાં સાંસદશ્રી મિતેષભાઇ પટેલે ઉપસ્થિત રહી આવનાર સમયમાં યોજાનાર કાર્યક્રમ વિશે માહિતી મેળવી.

ભારત સરકારનું પર્યટન મંત્રાલય ૬ થી ૮ નવેમ્બર, ૨૦૨૩ સુધી વર્લ્ડ ટ્રાવેલ માર્કેટ (ડબલ્યુટીએમ) ૨૦૨૩, લંડનમાં ભાગ લેશે

કમલમ્ ન્યુઝ,
પર્યટન મંત્રાલય, ટૂર ઓપરેટર્સ અને રાજ્યના પર્યટન વિભાગો સહિત વિવિધ હિતધારકો સાથે ૬ થી ૮ નવેમ્બર ૨૦૨૩ સુધી ડબ્લ્યુટીએમ લંડનમાં ભાગ લઈ રહ્યું છે. પ્રવાસન મંત્રાલયે લંડનના ડબ્લ્યુટીએમ ૨૦૨૩માં ઈક્રેડિબલ ઈન્ડિયા પેવેલિયન માટે ૬૫૦ ચોરસ મીટરની જગ્યા લીધી છે, જેનો ઉદ્દેશ 'ઈક્રેડિબલ ઈન્ડિયા! વિઝિટ ઈન્ડિયા યર ૨૦૨૩' થીમ હેઠળ વિવિધ પ્રવાસન ઉત્પાદનો અને ભારતમાં પ્રવાસીઓ માટે પરિવર્તનકારી અનુભવોની શ્રૃંખલા પ્રદર્શિત કરવાનો છે. ભારતીય પેવેલિયનનું ઔપચારિક ઉદ્ઘાટન ભારત સરકારનાં પ્રવાસન મંત્રાલયનાં સચિવ સુશ્રી વી. વિદ્યાવતી અને ગોવા સરકારનાં પ્રવાસન મંત્રી શ્રી રોહન ખુંટેની ઉપસ્થિતિમાં બ્રિટનનાં ભારતનાં હાઈ કમિશનર મહામહિમ વિક્રમ દોરાઈસ્વામીએ કર્યું હતું. ઈન્ડિયા પેવેલિયનનું ઉદઘાટન રિબન કટિંગ, લેમ્પ લાઈટિંગ, ગણેશ વંદના અને પ્રવાસન મંત્રાલયના સચિવ અને યુકેમાં ભારતના હાઈ કમિશનર દ્વારા સ્વાગત ટિપ્પણી સાથે કરવામાં આવ્યું હતું. ઉદઘાટન પછી, ભારતીય પ્રતિનિધિમંડળ અને સહભાગીઓ ભારતીય પેવેલિયન અને વિવિધ સહભાગી રાજ્યો અને અન્ય હિતધારકોના બૂથની આસપાસ ગયા હતા. સમગ્ર દિવસ દરમિયાન ઈક્રેડિબલ ઈન્ડિયાએ વિવિધ કલ્ચરલ પર્ફોમન્સ, મહેંદી અને યોગ સેશન્સનું આયોજન કર્યું હતું. પર્યટન મંત્રાલયના સચિવે એલિવેટેડ સ્ટેજ પર આયોજિત યુએનડબલ્યુટીઓ-ડબલ્યુટીટીસી ટૂરિઝમ મિનિસ્ટર્સ 'યુવાનો અને શિક્ષણ મારફતે પ્રવાસનમાં પરિવર્તન' પરની સમિટમાં ભાગ લીધો હતો. સમગ્ર દિવસ દરમિયાન, સેક્રેટરી ટૂરિઝમ યુકેના બજારના મહત્વના ટૂર ઓપરેટર્સ, મીડિયા અને મહત્વના સ્ટેકહોલ્ડર્સને મળ્યા હતા. ડબ્લ્યુટીએમ ૨૦૨૩માં, ટૂર ઓપરેટિંગ કંપનીઓ / ડીએમસી, દિલ્હી, ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીર, બિહાર, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, ઓડિશા, આસામ અને ભારતીય રેલ્વેના રાજ્યના પર્યટન વિભાગો સહિત ૪૭ સહભાગીઓ કેટરિંગ એન્ડ ટૂરિઝમ કોર્પોરેશન (આઈઆરસીટીસી) અતુલ્ય ભારત પેવેલિયનમાં ભાગ લઈ રહ્યા છે જ્યારે કેરળ, કર્ણાટક, લદ્દાખ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ગોવા, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત રાજ્યોના પર્યટન વિભાગોએ તેમના ઉત્પાદનોને પ્રદર્શિત કરવા માટે અને તેમના ઉત્પાદનોને અને સેવાઓ તેમજ સંભવિત ગ્રાહકો પ્રદર્શિત કરવા અને ભાગીદારો સાથે જોડાવા તેમના પોતાના પેવેલિયન લીધા છે. તેની ભાગીદારી દરમિયાન પર્યટન મંત્રાલય ડબ્લ્યુટીએમ ૨૦૨૩, લંડનનો ઉપયોગ પ્રવાસ અને પર્યટન ઉદ્યોગનાં વિવિધ ક્ષેત્રોનાં વ્યાવસાયિકોને એકમંચ પર લાવવાનાં મંચ સ્વરૂપે કરવા ઈચ્છે છે. આ પ્લેટફોર્મનો ઉપયોગ નેટવર્કિંગ, બિઝનેસની તકો અને વિચારો અને માહિતીના આદાનપ્રદાન માટે થશે, કારણ કે આ ઈવેન્ટમાં ટ્રાવેલ એજન્સીઓ, ટૂર ઓપરેટર્સ, એરલાઈન્સ, હોટેલિયર્સ, ક્રુઝ લાઈન્સ, ટ્રાવેલ ટેકનોલોજી પ્રોવાઈડર્સ, ટૂરિઝમ બોર્ડ્સ અને ટ્રાવેલ અને હોસ્પિટાલિટી સેક્ટરના અન્ય વ્યાવસાયિકો સહિત વિવિધ સંખ્યામાં ઉપસ્થિત લોકોને આકર્ષવામાં આવશે. 'ઈક્રેડિબલ ઈન્ડિયા! વિઝિટ ઈન્ડિયા યર ૨૦૨૩'થીમ હેઠળ વિવિધ પર્યટન ઉત્પાદનો અને ભારતના મુસાફરો માટે પરિવર્તનશીલ અનુભવોની શ્રેણીનું પ્રદર્શન કરવા ઉપરાંત પ્રવાસન મંત્રાલયનું ધ્યાન સ્થાયી પ્રવાસનને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રિત હશે. પર્યટન મંત્રાલયે ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ વિશ્વ પર્યટન દિવસના અવસર પર 'ટ્રાવેલ ફોર લિએફઈ' કાર્યક્રમ શરૂ કર્યો છે.. આ પહેલ મિશન લિફે (જીવનશૈલી ફોર એન્વાયર્નમેન્ટ) પર આધારિત છે, જેની પરિકલ્પના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કરી છે, જે ભારતનાં નેતૃત્વમાં વૈશ્વિક જન આંદોલન છે, જેમાં વ્યક્તિઓ અને સમુદાયોને આબોહવામાં ફેરફારની અસરો સામે પર્યાવરણનાં સંરક્ષણ માટે કામ કરવાની અપીલ કરવામાં આવી છે.

માનનીય મુખ્યમંત્રીશ્રી રાહત ફંડ માંથી રૂ.૨૦,૬૫,૦૦૦/- ની સહાય

મંજુર થતા માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ નો આભાર માનતા ધારાસભ્ય ડો.દર્શિતા શાહ

કમલમ્ ન્યુઝ,
ગુજરાત સરકાર દ્વારા કીડની, હૃદય, કેન્સર, બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ, લીવરના રોગ, થેલેસેમિયા મેજર, હૃદય ટ્રાન્સપ્લાન્ટ, જેવા ગંભીર રોગો ની સારવાર ઓપરેશન ખર્ચને પહોંચી વળવા માનનીય મુખ્યમંત્રી રાહતફંડ માંથી સહાય આપવામાં આવે છે. રાજકોટ વિધાનસભા-૬૯ ના ધારાસભ્ય ડૉ.દર્શિતા શાહ દ્વારા સરકારશ્રી દ્વારા જુદા-જુદા ગંભીર રોગો ની સારવાર/ઓપરેશન માટે માનનીય મુખ્યમંત્રી રાહતફંડ માંથી રૂ. ૨૦,૬૫,૦૦૦/- મંજુર કરાવેલ છે ધારાસભ્ય ડૉ.દર્શિતા શાહ ને વિધાનસભા-૬૯ના જુદા-જુદા વિસ્તાર માંથી થયેલ રજુઆત અને નિયમ અનુસાર મળવા પાત્ર સહાય ના દર્દીઓ ની રજુઆત અન્વયે તેઓ શ્રી દ્વારા માન. મુખ્યમંત્રી રાહત ફંડ માં સંબધિત દર્દી માટે સરકાર શ્રી માં લેખિત રજૂઆત કરી જુદા-જુદા દર્દીઓની આરોગ્ય સહાય કુલ રૂ. ૨૦,૬૫,૦૦૦/- મંજુર કરાવેલ છે તેમજ ધારાસભ્ય ડૉ. દર્શિતા શાહ દ્વારા માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ નો પણ જરૂરિયાતમંદ દર્દીઓ ને સહાય આપવા બદલ આભાર વ્યક્ત કરેલ છે.

તંત્રી સ્થાનેથી......

બેંકો, અન્યનાણાકીય સંસ્થાઓ, વીમા કંપનીઓ, ટ્રેડિંગ કંપનીઓ, બિઝનેસકંપનીઓ, રિયલએસ્ટેટ કંપનીઓવગેરે જેવી વિવિધ કંપનીઓ ટેલિકોમ સબસ્ક્રાઈબર્સને સંપૂર્ણ એસએમએસ અથવા વોઈસ કોલ દ્વારા કોમર્શિયલ મેસેજ મોકલે છે. આ કંપનીઓને ટેલિકોમ કોમર્શિયલ કમ્યુનિકેશન્સ કસ્ટમરપ્રેફરન્સ રેગ્યુલેશન્સ, ૨૦૧૮ (ટીસીસીસીઆર-૨૦૧૮)માં પ્રિન્સિપલ એન્ટિટીઝ (પેસ) અથવા સેન્ડર્સ તરીકે ઓળખવામાંઆવે છે. ટ્રાઈએ અનિચ્છનીય કોમર્શિયલ કોમ્યુનિકેશન્સ (યુસીસી) દ્વારા સ્પામ્સના જોખમને કાબૂમાં લેવાના પ્રયાસમાં તાજેતરના ભૂતકાળમાં વિવિધ પગલાં લીધાં છે. આ ઉદ્દેશ પાર પાડવા માટે ટ્રાઈએ તમામ એક્સેસ પ્રોવાઈડર્સને ૦૨.૦૬.૨૦૨૩નાં રોજ ટીસીસીસીપીઆર-૨૦૧૮ અંતર્ગત તમામ એક્સેસ પ્રોવાઈડર્સને યુનિફાઈડ પ્લેટફોર્મઊભું કરવાડિજિટલ કન્સેન્ટ એક્વિઝિશન (ડીસીએ) સુવિધા વિકસાવવા અને સ્થાપિત કરવા માટે સૂચના આપી હતી અને તમામ એક્સેસસર્વિસ પ્રોવાઈડર્સઅને પ્રિન્સિપલ કંપનીઓમાં ગ્રાહકોની સંમતિ ડિજિટલ રીતેરજિસ્ટર કરવાની પ્રક્રિયા હાથધરી હતી. પ્રચલિત પ્રણાલીમાં, સંમતિ મેળવવામાં આવેછે અને વિવિધ પેસદ્વારા જાળવવામાં આવે છે. તેથી, એક્સેસ પ્રોવાઈડર્સ માટે સંમતિની સચ્ચાઈ ચકાસવાનું શક્ય નથી. તદુપરાંત, ગ્રાહકો માટે સંમતિ પૂરી પાડવા અથવા રદ કરવા માટેકોઈ એકીકૃતસિસ્ટમ નથી. ડિજિટલ કન્સેન્ટ એક્વિઝિશન (ડીસીએ) પ્રક્રિયામાં ટીસીસીસીપીઆર-૨૦૧૮ હેઠળ કલ્પના કરવામાં આવેલી પ્રક્રિયાઓ અનુસાર ગ્રાહકોનીસંમતિ મેળવવા, જાળવવા અને રદ કરવાની સુવિધાછે. આ રીતે એકત્ર કરવામાં આવેલા સંમતિ ડેટાને તમામ એક્સેસ પ્રોવાઈડર્સદ્વારા સ્ક્રબિંગ માટે વાણિજ્યિક સંચાર માટે ટીસીસીસીપીઆર-૨૦૧૮ હેઠળ સ્થાપિત ડિસ્ટ્રિબ્યુટેડ લેજર ટેકનોલોજી (ડીએલટી) પ્લેટફોર્મ પર વહેંચવામાં આવશે. સંદેશા માંગવા માટે સંમતિ મોકલવા માટે એક સામાન્ય ટૂંકા કોડ ૧૨૭ટટટનોઉપયોગ કરવામાંઆવશે. હેતુ, સંમતિનો અવકાશ અને પ્રિન્સિપલ એન્ટિટી/બ્રાન્ડ નામનો ઉલ્લેખ શોર્ટ કોડ મારફતે મોકલવામાં આવેલા સંદેશાની સંમતિમાં સ્પષ્ટપણે કરવામાં આવશે. ફક્ત વ્હાઈટલિસ્ટેડ યુઆરએલ/એપીકે/ઓટીટીલિંક્સ/કોલબેક નંબર્સવગેરેનો ઉપયોગ સંદેશા માંગવાની સંમતિમાં થશે. ગ્રાહકોને સંમતિ સંપાદન પુષ્ટિ સંદેશમાં સંમતિ રદ કરવાથી સંબંધિત માહિતી પણ હોવી જોઈએ. વધુમાં, એક્સેસ પ્રોવાઈડર્સે કોઈ પણ મુખ્ય સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવેલા સંદેશાની કોઈ પણ સંમતિ પ્રાપ્ત કરવા માટે ગ્રાહકોની અનિચ્છાની નોંધણી કરવામાટે એક એસએમએસ/ઓનલાઈન સુવિધા વિકસાવવી પડશે.

અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત બાવળા તાલુકાનો સરપંચ સંવાદ યોજાયો

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકા ખાતે આવેલી એ .કે વિદ્યામંદિરમાં અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી મેહુલ દવેની અધ્યક્ષતામાં સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત બાવળા તાલુકાનો સરપંચ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તમામ ગામોમાં સ્વચ્છતાની થયેલ કામગીરી માટેની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સરપંચશ્રીઓ તથા તલાટી-કમ-મંત્રીઓ દ્વારા ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા કાયમ માટે જળવાઈ રહે એ બાબતની નોંધ લીધીછે, જેથી ગ્રામ્ય કક્ષાનું જીવન આરોગ્યમય, સરળ અને સ્વચ્છ બની રહે. આ સંવાદ કાર્યક્રમમાં બાવળા તાલુકાના ગ્રામ પંચાયતોના તલાટી-કમ-મંત્રીઓ તથા સરપંચો, શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી દિગ્પાલસિંહ ચુડાસમા, બાંધકામ સમિતિના ચેરમેનશ્રી ઈશ્વરભાઈ મકવાણા, નાયબ જિલ્લા વિકાસઅધિકારીશ્રી સૂરજ બારોટ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી રોહિત ચૌધરી, તાલુકા પંચાયત પ્રમુખશ્રી તથા અન્ય પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રપતિ ગોવિંદ વલ્લભ પંત યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચર એન્ડ ટેક્નોલોજી, પંતનગરના ૩૫મા પદવીદાન સમારંભમાં ઉપસ્થિત રહ્યા

કમલમ્ ન્યુઝ,

ભારતનાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ઉત્તરાખંડના પંતનગર ખાતે આજે (૭ નવેમ્બર, ૨૦૨૩) ગોવિંદ વલ્લભ પંત યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચર એન્ડ ટેકનોલોજીના ૩૫મા પદવીદાન સમારંભ ઉપસ્થિત રહ્યા અને સંબોધન કર્યુ હતું. આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે ગોવિંદ વલ્લભ પંત યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચર એન્ડ ટેકનોલોજીની સ્થાપના દેશમાં કૃષિ શિક્ષણ અને કૃષિ ક્ષેત્રના વિકાસને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી હતી. શરૂઆતથી જ, તે કૃષિ શિક્ષણ, સંશોધન અને વિકાસ માટે ઉત્કૃષ્ટતાનું કેન્દ્ર બન્યું છે. તેમણે નોંધ્યું હતું કે, ૧૧,૦૦૦ એકર વિસ્તારમાં ફેલાયેલી આ યુનિવર્સિટી વિશ્વની સૌથી મોટી યુનિવર્સિટીઓમાંની એક છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે નોબેલ પારિતોષિક વિજેતા ડો. નોર્મન બોર્લોગે પંતનગર યુનિવર્સિટીને 'હરિત ક્રાંતિના અગ્રદૂત' તરીકે નામ આપ્યું હતું. નોર્મન બોરલોગ દ્વારા વિકસિત મેક્સીકન ઘઉંની જાતોનું આ યુનિવર્સિટીમાં પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેણે હરિત ક્રાંતિની સફળતામાં અસરકારક ભૂમિકા ભજવી છે. કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલા દરેક જણ 'પંતનગર બીજ' વિશે જાણે છે. પંતનગર યુનિવર્સિટીમાં વિકસિત બીજનો ઉપયોગ દેશભરના ખેડુતો પાકની ગુણવત્તા અને ઉપજ વધારવા માટે કરે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતોકે પંતનગરયુનિવર્સિટી દેશના કૃષિ ક્ષેત્રના વિકાસમાં અગ્રણી ભૂમિકા નિભાવશે. રાષ્ટ્રપતિએ કહ્યું કે કૃષિ ક્ષેત્રે થઈ રહેલા સંશોધનનો ખેડૂતો સુધી પ્રચાર-પ્રસાર કૃષિ વિકાસ માટે જરૂરી છે. તેમને એ જાણીને આનંદ થયો કે આ યુનિવર્સિટી વિવિધ આબોહવા સ્થિતિસ્થાપક તકનીકીઓ દ્વારા ગ્રામીણ સમુદાયને સહાય કરી રહી છે. રાષ્ટ્રપતિએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, શિક્ષણ પ્રણાલીએ વૈશ્વિક સ્તરે થઈ રહેલા તકનીકી, આર્થિક અને સામાજિક વિકાસ સાથે તાલ મિલાવવાની જરૂર છે. તેમણે કહ્યું કે શૈક્ષણિક સંસ્થાઓએ ઉદ્યોગ માટે તૈયાર સ્નાતકો ઉત્પન્ન કરવા જોઈએ જે રોજગાર બનાવી શકે અને તકનીકી સંચાલિત વિશ્વમાં સ્પર્ધા કરી શકે. રાષ્ટ્રપતિએ કહ્યું કે આજે વિશ્વ આબોહવા પરિવર્તન અને જમીનના અધોગતિ જેવી સમસ્યાઓનો સામનો કરવા માટે કુદરતી અને જૈવિક ખેતી તરફ આગળ વધી રહ્યું છે. ઈકો-ફ્રેન્ડલી ફૂડની આદતોને પણ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે આ યુનિવર્સિટીના સંશોધકો, વૈજ્ઞાનિકો અને ફેકલ્ટી સભ્યો આપણી ખાદ્ય ટેવોમાં બાજરીને પ્રાધાન્ય આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. રાષ્ટ્રપતિએ કહ્યું કે વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે નવીનતમ તકનીકનોઉપયોગ કરવોજરૂરીછે. તેમણે પંતનગર યુનિવર્સિટીની પાક વ્યવસ્થાપન, નેનો-ટેકનોલોજી, જૈવિક ખેતી વગેરે મારફતે કૃષિમાં ડિજિટલ સોલ્યુશન્સ શરૂ કરવા બદલ પ્રશંસા કરી હતી. તેમણે નોંધ્યું હતું કે, યુનિવર્સિટી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનાં ઉપયોગ માટે પણ પગલાં લઈ રહી છે. તેણીને એ જાણીને આનંદ થયો કે આ યુનિવર્સિટીએ તેનું પોતાનું કૃષિ ડ્રોન વિકસિત કર્યું છે જે થોડીવારમાં ઘણા હેક્ટર જમીનનો છંટકાવ કરી શકે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ડ્રોન ટેકનોલોજીના ફાયદા ટૂંક સમયમાં ખેડૂતો સુધી પહોંચશે.

સુરત ના મહુવા તાલુકા માં બુથ સશક્તિકરણ અભિયાન

કમલમ્ન્યુઝ, મયુર પટેલ

સંગઠન ના સફળ સંચાલન માટે પાંચ ટી (T) ના સિદ્ધાંતોનું અનુસરણ જરૂરી હોય છે, ટીમ વર્ક, ટ્રાન્સપરન્સી, ટ્રાન્સફોર્મેશન, ટેકનોલોજી અને ટાઈમિંગ જે મુજબ ભેગા મળી કાર્ય કરવું, પારદર્શક વહીવટ આપવો, કાર્ય પ્રણાલીમાં સમયાંતરે બદલાવ લાવવો, ટેકનોલોજી નો ભરપૂર ઉપયોગ કરવો, સમયના શિસ્તપાલન સાથે કાર્ય યોજનાને પૂર્ણ કરવી. બુથ સશક્તિકરણ યોજના "મારું બુથ સૌથી મજબૂત" મૂળભૂત રીતે આજના આધુનિક ડિજિટલ યુગમાં સરલ-એપ દ્વારા હોદ્દેદારોનું સત્યાપન અને કેન્દ્રીય કે પ્રાદેશિક સ્તરે બનેલી તમામ કાર્ય યોજનાઓનું બુથ સ્તરે માઈક્રો લેવલ નું વિનિમય થાય તે હેતુને સિધ્ધ કરવાનું છે. પેજ પ્રમુખ, પેજ સમિતિ ના નિર્માણ થી બુથ માં માઈક્રો મેનેજમેન્ટ ની કાર્યપ્રણાલી ને અમલમાં લાવનાર ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રીસી આર પાટીલ સાહેબ દ્વારા આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં ગુજરાતની તમામ લોકસભા સીટો પાંચ લાખથી વધુ મતોની સરસાઈ થી જીતવા માટેના લક્ષ્ય ને કાર્યકર્તાઓની સામે મૂકવામાં આવ્યું છે. આ લક્ષ્યને પરિપૂર્ણ કરવા માટે સુરત જિલ્લા ભાજપા અધ્યક્ષ શ્રી ભરતભાઈ રાઠોડ, મહામંત્રી શ્રી જીગરભાઈ નાયક ના માર્ગદર્શન થી, વિધાનસભા ના પ્રભારી શ્રીભાવેશભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડીયા મહુવા તાલુકા ભાજપા સંગઠન પ્રભારી બચુભાઈ રાઠોડ, તાલુકા સંગઠનના કર્મઠપ્રમુખ હિતેશભાઈ નાયકના નેતૃત્વમાં આ અભિયાન ના સંયોજક તુષાર પટેલ, સહ સંયોજક હેમંત ચૌધરી, મહામંત્રી જગદીશ પટેલ, આઈ.ટી.સેલના બાદલ વાઘેલા, તાલુકા સંગઠન ની સમગ્ર ટીમ, શક્તિકેન્દ્રો ના કન્વીનરો, પ્રભારીઓ, સંયોજકો, આઈ ટી અને સોશિયલ મીડિયા ના યુવાકાર્યકર્તાઓ, તા.પં-જિ.પં ના ચૂંટાયેલ પ્રતિનિધિ ઓની મહેનત ને લઈ ને બુથ સશક્તિકરણ નું કાર્ય સમયની સુસંગતતા સાથે ટેકનોલોજીના સથવારે સુપેરે સંપન્ન કરી આવનાર લોકસભા ચૂંટણી ની તૈયારી આરંભી દેવામાં આવી છે. જિલ્લા ભાજપા અધ્યક્ષ શ્રી ભરતભાઈ રાઠોડ, ઝોન મહામંત્રી જીગરભાઈ નાયક દ્વારા કાર્યકર્તાઓની આ સરાહનીય કામગીરી બદલ શુભેચ્છા પાઠવવી પ્રોત્સાહિત કરાયા હતા.

સાપુતારા પોલીસ સ્ટેશન વિસ્તારના પ્રવાસી મિત્રોને આરોગ્યલક્ષી તાલીમ અપાઈ

કમલમ્ ન્યુઝ, આહવા

ડાંગ જિલ્લાના પ્રવાસે આવતા પ્રવાસીઓને ફરવા લાયક સ્થળોની માહિતી સાથે પ્રવાસીઓની સુરક્ષા અને સલામતીની વ્યવસ્થા પણ સુનિશ્ચિત થાય તે માટે, ડાંગ જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ ફોર્સના ચુનંદા જવાનોને 'પોલીસ મિત્ર' ની ભૂમિકા સોંપવામાં આવી છે. આ 'પોલીસ મિત્ર' એવા સુરક્ષાકર્મીઓને યોગ્ય તાલીમ મળી રહે તેમાટે, સાપુતારા વિસ્તારના પ્રવાસી મિત્રોને સાપુતારા પોલીસ સ્ટેશન ખાતે આરોગ્યલક્ષી તાલીમ આપવામા આવી હતી. જેમા શામગહાન આરોગ્ય કેન્દ્રના તબીબો દ્વારા મેડીકલ ફસ્ટ એડકીટનો ઉપયોગ, તેમજ સી.પી.આર. ની તાલીમ આપવામાઆવીહતી. આ ઉપરાંત સાપુતારાના હોટેલ એસોસિએશન દ્વારા પ્રવાસીઓ સાથે કરવાની વર્તુણુક અંગેની તાલીમ પણ આપવામા આવી હતી.

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા શહેર બસ સ્ટેન્ડમા એક મહિલા શિક્ષિકા પર બસ નું ટાયર ફરી વળતા કામ કમાટી ભર્યું મોત,



કમલમ્ન્યુઝ, મકબુલ હુસેન

૭.૧૧.૨૦૨૩ આજે સવારે ૧૦ વાગ્યા ના સુમારે ડીસા થી રતનપુર જતી બસ ના પાછર ના ટાયર મા મહિલા મહિલા આવી જતા મહિલા ને તાત્કાલિક ૧૦૮ ધ્વારા ખેડબ્રહ્મા સિવિલ ખાતે લઈ જવાયા હતા ત્યાંહાજર ડોક્ટર એ એમણે મરણ જાહેર કર્યા હતા. ત્યાં ખેડબ્રહ્મા પોલીસ તાત્કાલિક હાજર રહી હતી. મૃતક ના પરિવાર જનો નુ હૈયા ફાટ રુદન જોઈ ખેડબ્રહ્મા સિવિલ ખાતે શોક મય વાતાવરણ સર્જાયુ હતુ. અને પરિવાર મા માતમ છવાયો હતો. મરતી માહિતી અનુસાર ખેડબ્રહ્મા પોલીસ આગળ ની તપાસ હાથ ધરી કાર્યવાહી કરવામાં આવશે.

યુવા ખેડબ્રહ્મા દ્વારા વિખરણ પ્રાથમિક શાળામાં બાળકોને કપડાનું વિતરણ કરાવ્યું

કમલમ્ન્યુઝ, મકબુલ હુસેન

ખેડબ્રહ્મા તા. ૪ ખેડબ્રહ્મા તાલુકાના અતિ પછાત એવા વિખરણ ગામે બાળકો તથા બાળકીઓ ને યુવા ખેડબ્રહ્મા દ્વારાનવીન કપડાઓનું દિવાળી આવતાઆ પ્રસંગે ખેડબ્રહ્મા તાલુકા ભાજપના પ્રમુખ સુરેશભાઈ પટેલ યુવા અનસટોપેબલના વોલિનટીયરો વિખરણ ગામ ના શાળા ના મુખ્ય શિક્ષક. શિક્ષકો ઉપસ્થિત રહ્યાહતા શાળાના બાળકો અતિ પછાત આદિજાતિ વિસ્તારના હોય દિવાળીનો તહેવાર આવતા હોય પોતાના મા બાપ કપડાં ખરીદવા સક્ષમ ન હોય તેવા બાળકોને યુવા દ્વારા ગરીબ વિસ્તારમાં મીઠાઈ કપડાં ફટાકડા વિતરણ કરવાનું સુંદર અને સરાહની કામગીરી કરતા હોય છે આ પ્રસંગે યુવાના પ્રમુખ બ્રિજેશ બારોટ તથા સુરેશભાઈ પટેલ દ્વારા બાળકોને કપડા આપી બાળકો ખૂબ આનંદિત જણાતા હતાઅને અંતરના આશીર્વાદ આપ્યા હતા

નવસારી જિલ્લો સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ નવસારીના ગ્રામ્ય વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ વેગવાન

મહુવર ગામના જાહેર સ્થળો પર ગ્રામજનો દ્વારા સાફ સફાઈ હાથ ધરાઇ

કમલમ્ ન્યુઝ, નવસારી

સ્વચ્છતાને દૈનિક જીવનનો ભાગ બનાવવાના હેતુસરરાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત શહેર અને ગ્રામ્યમાં ગતિમાન બનેલું સફાઈ અભિયાન ગ્રામ્ય વિસ્તારોના જાહેર સ્થળો તથાસરકારી કચેરીઓમાં પણ હાથ ધરાયું છે. સફાઈ અભિયાન અંતર્ગત આજ રોજ જલાલપોર તાલુકાન મહુવરગામના જાહેર સ્થળો પર ગ્રામજનોદ્વારા સાફ સફાઈ અભિયાન હાથ ધરવામાંઆવ્યું હતું. સમગ્ર ગુજરાતને સ્વચ્છ-સુઘડ બનાવવાની નેમને ચરિતાર્થ કરવા સ્વચ્છતા હી સેવાઅભિયાનમાં લોકો સ્વયંભુ જોડાઈને સ્વચ્છતા રાખવા કટિબદ્ધ બને તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

બાવળા તાલુકાના દિવ્યાંગ બાળકોને જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલભાઈ દવેની ઉપસ્થિતિમાં મીઠાઈ, ફટાકડા સાથેની શૈક્ષણિક કિટનું વિતરણ

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના દિવ્યાંગ તથા પ્રભુવત્સલ બાળકોને જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલભાઈ દવેની ઉપસ્થિતિમાં દિવાળી પર્વ નિમિત્તે મીઠાઈ, ફટાકડા સાથેની શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાંઆવ્યુ છે. આમ, સાચા અર્થમાં બાળદેવની સેવા કરવામાં આવી છે. આ અવસરે અમદાવાદ જિલ્લા પંચાયતના અધિકારીશ્રીઓ અને ડી.ઈ.ઓ. તેમજ મહાનુભાવોપણ ઉપસ્થિત રહ્યા હતા

આહવા-અમદાવાદ રૂટ ઉપર અત્યાધુનિક સુવિધા ધરાવતી બસ શરૂ કરાઈ

આહવા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી સુરેશભાઇ ચૌધરીએ બસને લીલીઝંડી આપી

દિવાળી પૂર્વે રાજ્ય સરકાર દ્વારા જાહેર મુસાફર જનતા માટે નવીન બસોની ફાળવણી કરાઇ

કમલમ્ ન્યુઝ, અમરનાથ જગતાપ

રાજ્યના વાહન વ્યવહારમંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા અત્યંત આધુનિક અને આરામ દાયક બસો રાજ્યના જાહેર મુસાફર જનતાની સેવામા મૂકાતા, ગુજરાત એસ.ટી. પણ આધુનિક પરિવહન સેવાઓ માટે કીર્તિમાન સ્થાપી રહી છે. જેના ભાગરૂપે, ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતેકાર્યરત એસ.ટી ડેપોને પણ નવીન, આરામ દાયક અને સુવિધાયુકત બસો આપતા ડાંગના મુસાફરોમા ખુશીની લાગણી પ્રસરવા પામી છે. જેના ભાગરૂપે આહવા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરીના હસ્તે ગ્રામજનો, તથા મુસાફર જનતાની ઉપસ્થિતિમા આહવાથી સવારે ૯:૦૦ કલાકે ઉપડતી આહવા-અમદાવાદ રૂટ ઉપર નવીન બસ ફાળવીતેને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવાયું હતું. આ અવસરે આહવા તાલુકા સદસ્ય શ્રીમતી નયનાબેન, આહવા ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ શ્રી હરિચંદભાઈ ભોયે, ડેપો મેનેજર શ્રી કિશોરસિંહ પરમાર તથા એસ.ટી.કર્મીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન શ્રી સુરેશભાઈ ચોધરીએ જણાવ્યુ હતુ કે, ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા, મુસાફરોની સરળતા માટે ગુજરાત રાજ્યની બસોના આધુનિકરણ સાથે આકર્ષક કલર અને ડિઝાઈન સાથેની બસો, કે જે ખાનગી બસોને પણ પડકાર આપે તેવી સુંદર બસો પ્રવાસીઓની સેવામાં સમર્પિત કરવામાં આવી રહી છે. ડાંગ જેવા દુર્ગમ અને છેવાડે આવેલા જિલ્લાએ થી અમદાવાદ તરફ મુસાફરી કરનાર જિલ્લાના વિદ્યાર્થીઓ, અને અન્ય મુસાફરોને આ બસ ખુબ જ ઉપયોગી સાબીત થશે. રાજ્યના છેવાડે આવેલ ડાંગ જિલ્લાની મુસાફર જનતાને પણ આધુનિક સુવિધાઓથી સજ્જ નવીન બસો મળી રહે તે માટે વિભાગીય નિયામક શ્રી એન.એસ.પટેલ વિશેષ પ્રયાસો કરી રહ્યા છે, તેમ ડેપો મેનેજર શ્રી કિશોરસિંહ પરમારે પૂરક વિગતો આપતા જણાવ્યું હતુ.

SRF ફાઉન્ડેશન (HP WOW Bus) ડિજિટલ કાર્યક્રમ અંતર્ગત ૪૫ વિદ્યાર્થીઓને બેઝિક કોમ્પ્યુટર સાક્ષરતા કોર્સના પ્રમાણપત્ર નેત્રંગ તાલુકા પ્રમુખના હસ્તે વિતરણ કરવામાંઆવ્યું.

કમલમ્ ન્યુઝ, ભરૂચ

આદર્શ નિવાસી હાઈસ્કૂલ માં BCLC પ્રમાણપત્રવિતરણ સમારોહ યોજાયો. આ કાર્યક્રમ ડિજિટલ HP WoW Bus કાર્યક્રમમાં લાભ લઈ રહેલા ૧૪ વર્ષના વયજૂથના વિદ્યાર્થીઓથી લઈને વધુ વયના વિદ્યાર્થીઓ માટે SRF ફાઉન્ડેશન દ્વારા બેઝિક કોમ્પ્યુટર સાક્ષરતા કોર્સની નેત્રંગ તાલુકાના ૧૮ જેટલા ગામો અને પ્રાથમિક શાળા ના ધોરણ ૬ થી ૮ ના બાળકો, ગામનો યુવાનો અને સમુદાયની વચ્ચે જીલ્લા અને તાલુકા શિક્ષણના સહોયોગથી BCLC કાર્યક્રમ કાર્યરત છે. આદિવાસી વિસ્તારોમાં એચપી વાહ બસ પ્રવૃત્તિઓ વિશે જાગૃતિ લાવવા માટે કે તેનાથી વિદ્યાર્થીઓ અને સમુદાયને કેવી રીતે ફાયદો થાય છે. ડિજિટલ એચપી વાહ બસનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ સમુદાયના લોકો, યુવાનો, વિદ્યાર્થીઓ અને ગ્રામ્ય સમુદાય સુધી પહોંચવાનો અને આ બસ દ્વારા લાભ લઈ પોતાની આવડતમાંવધારો થાય એ હેતુ સાથે કાર્યક્રમ ચાલવામાં આવે રહ્યો છે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન શ્રી. વસુધાબેન વસાવા - નેત્રંગ તાલુકા પંચાયત પ્રમુખ, આઈસીડીસીચેરીમેન. BCLC પ્રમાણપત્ર સમારોહ કાર્યક્રમમાં નેત્રંગ તાલુકાપંચાયતના ઉપપ્રમુખ નીતેશભાઈ પરમાર, આદર્શ નિવાસી હાઈસ્કૂલના આચાર્ય હેમંત વસાવા અને શિક્ષકો અને વાલીઓ ઉપસ્થિત રહ્યાહતા. કુલ ૩૮૦ નં. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના ૧૨ શિક્ષકો, ૨ આચાર્યો, ૫ વાલીઓ, નેત્રંગ પંચાયતના સરપંચ, એક લવ્ય મોડલ સ્કૂલ, નેત્રંગની ૬૮ છોકરીઓ અને SRF સ્ટાફેભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત મુખ્ય મહેમાન અને અન્ય આમંત્રિતો દ્વારામહેમાનનું ફૂલોથી સ્વાગત અને દીપ પ્રગટાવીને કરવામાં આવી હતી. SRF ફાઉન્ડેશનની ૫વર્ષની સફળતા પ્રોગ્રામ ઓફિસરો દ્વારા શેર કરવામાં આવી, ભરૂચ જિલ્લામાં SRF શું કરી રહ્યું છે, ગ્રામીણ શિક્ષણ કાર્યક્રમ, આંગણવાડી વિકાસ કાર્યક્રમ, ડિજિટલ બસ પ્રોગ્રામ, સ્વસ્ત્ય સેવા કાર્યક્રમ, નેતૃત્વ વિકાસઅને વ્યાવસાયલક્ષી કાર્યક્રમ ચાલી રહ્યા છે. ડિજિટલ એચપી વાહ બસદ્વારા લાભ મેળવી રહેલા વિદ્યાર્થીના અનુભવોની વહેંચણી- ૧૨ અને ૧૧મા ધોરણનાહેમંત વસાવાઅને યાજ્ઞિકે તેમનાઅનુભવો શેર કર્યા. તેઓએ કહ્યું, "માઉસ, કીબોર્ડ, સીપીયુનો ઉપયોગ કેવી રીતે કરવો અને તે આપણને કેવી રીતે મદદરૂપ થશે અને કઈ પ્રકારની માહિતીપ્રાપ્ત થશે તે અમારી શીખવાની પ્રક્રિયામાં મદદરૂપ થશેતેની અમનેજાણ નથી પરંતુ HP વાહ બસ દ્વારા આજે તેઓ કોમ્પ્યુટરનો ઉપયોગ જાણતા હતા, google માં સર્ચ કરવા, સામાજિક નેટવર્ક્સ, YouTube અને અન્ય શિક્ષણ સામગ્રીને એક્સેસ કરવા માટે સક્ષમ છીએ જે આપણે ડિજિટલ વિશ્વમાંથી સરળતાથી એકત્રિત કરીએ છીએ. અમે SRF ફાઉન્ડેશન અને ડિજિટલ પ્રોગ્રામનો આભાર માનીએ છીએ. ત્યાર બાદ આદર્શ નિવાસી હાઈસ્કૂલના આચાર્ય હેમંત વસાવાએ જણાવ્યું કે આજના શૈક્ષણિક યુગમાં કોમ્પ્યુટર અને HP WOW BUS દ્વારા આપવામાં આવતા શિક્ષણ માટે તેમણે SRF ફાઉન્ડેશનનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યભરમાં શ્રમિક અન્નપૂર્ણા યોજનાના વધુ ૧૫૫ ભોજન કેન્દ્રોનો પ્રારંભ કરાવશે

રાજ્ય સરકારના મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા શ્રમિકોના કલ્યાણ અર્થે આરોગ્ય, રહેઠાણ, શિક્ષણ, પરિવહન તથા સામાજિક સુરક્ષાને લગતી કુલ- ૧૭ યોજનાઓ કાર્યરત

આગામી ૧૦ નવેમ્બરના રોજ મુખ્યમંત્રીશ્રી અમદાવાદથી કરશે નવાં ભોજન કેન્દ્રોનું લોકાર્પણ

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગતરાજ્યભરમાં વધુ ૧૫૫ ભોજન કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવશે. ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા આગામી તા.૧૦નવેમ્બરના રોજ પંડિત દીનદયાલ ઉપાધ્યાય હોલ, અમદાવાદ ખાતે આયોજિત રાજ્યકક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શ્રમિક અન્નપૂર્ણા યોજનાના વધુ ૧૫૫ ભોજન કેન્દ્રોનું લોકાર્પણ કરવામાંઆવનાર છે. ઉદ્યોગ, શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત પણ રાજ્યકક્ષાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ અંતર્ગત મુખ્ય મંત્રી શ્રી અમદાવાદના વૈષ્ણોદેવી સર્કલ કડિયાનાકા ખાતે શરૂ થનારા ભોજકેન્દ્રની પણ મુલાકાત લેશે. નવા શરૂ થનારાં કુલ ૧૫૫ ભોજન કેન્દ્રોપૈકી અમદાવાદમાં ૪૯ જેટલાં ભોજન કેન્દ્રોનો સમાવેશ થાય છે. શ્રમિક અન્નપૂર્ણા યોજનાહેઠળ ફક્ત રૂ. પાંચમાં બાંધકામ શ્રમિક તથા તેમના પરિવારજનોને પૌષ્ટિક ભોજન પૂરું પાડવામાં આવે છે. ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ અમદાવાદમાં ૪૯, સુરતમાં ૨૨, ગાંધીનગરમાં ૮, વડોદરામાં ૯, ભાવનગરમાં ૨, જામનગરમાં ૧૦, ભરૂચમાં ૩, મહેસાણા, રાજકોટમાં ૫-૫, ખેડા, આણંદ, વલસાડ સાબરકાંઠામાં ૪- ૪, પાટણ, બનાસકાંઠામાં ૭-૭, નવસારી, મોરબીમાં ૬-૬ કડીયાનાકાઓ પર ભોજન કેન્દ્રોનું લોકાર્પણ થનારછે. આસ્થાથી કેન્દ્રો ઉપરાંત જે બાંધકામ સાઈટ પર ૫૦થી વધુ શ્રમિકો આ યોજનાનો લાભ મેળવવા માગતા હોય તેમને ડોરસ્ટેપ ડિલિવરીની પણ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. ઉક્ત ૧૭ જિલ્લામાં ૧૫૫ કડિયાનાકા મારફત દરરોજ ૭૫ હજાર કરતાં વધુ શ્રમિકોને યોજનાનો લાભ મળવાનો અંદાજ છે. રાજ્ય સરકારના મકાન અને અન્ય બાંધકામશ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા વિવિધ આર્થિક સહાય યોજનાઓ પણ ચલાવવામાં આવે છે. લાભાર્થીઓને ઝડપી અને પારદર્શક સહાય મળી રહે તે માટે ઈ-નિર્માણ કાર્ડ શરૂ કરવામાં આવ્યા છે. જે હેઠળ હાલ ૬.૯૪ લાખ બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે. જેઓ માટેઆરોગ્ય, રહેઠાણ, શિક્ષણ, પરિવહન તથા સામાજિક સુરક્ષાને લગતી કુલ- ૧૭ યોજનાઓ કાર્યરત છે. જે પૈકીની યોજનામાં વર્ષ ૨૦૨૨-૨૩થી અત્યાર સુધીમાંબાંધકામ શ્રમિકોને સ્થળ ઉપર જ આરોગ્ય સવલત મળી રહેતે માટે ધન્વંતરિ આરોગ્ય રથ શરૂ કરવામાં આવ્યા છે. જેનો અત્યાર સુધીમાં ૩૮.૫૨ લાખ લાભાર્થીઓએ લાભ લીધો છે. આ ઉપરાંતગુજરાત મકાનઅને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા વિવિધ વ્યક્તિલક્ષીયોજનાઓ પણ કાર્યરતછે. જેમાંસંપૂર્ણ તબીબી તપાસ યોજના હેઠળ ૧૨,૦૦૨ લાભાર્થીઓની તપાસ કરવામાં આવેલછે. જેનામાટે રૂ.૧૫૫.૨૮ લાખનો ખર્ચ થયેલ છે. બાંધકામ શ્રમિકોના બાળકોનાઅભ્યાસમાટે કાર્યરત શિક્ષણ સહાય યોજના અંતર્ગત ૭૦,૨૦૫લાભાર્થીઓ રૂ. ૬૧૫૩.૪૬ લાખની સહાય આપવામાં આવી છે. તેમજ પ્રસૂતિ સહાય યોજના હેઠળ ૯૩૩.૪૮ લાખના ખર્ચે ૫૮૬૪ લાભાર્થીઓને સહાય મળી છે. મુખ્ય મંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના અંતર્ગત રૂ. ૨૬૧.૬૫ લાખની સહાય ૧૫૨૫ લાભાર્થીઓને આપવામાંઆવી છે. બાંધકામ શ્રમિકોના ઘરના ઘરનું સપનું સાકાર થાયતે માટે નાનાજી

૧૭ જિલ્લામાં ૧૫૫ નવા ભોજન કેન્દ્રો મારફત દરરોજ ૭૫ હજાર કરતાં વધારે બાંધકામ શ્રમિકોને લાભ મળવાનો અંદાજ

દેશમુખ આવાસ યોજના હેઠળ ૧૩૬લાભાર્થીઓને રૂ.૨૧૭.૬૦ લાખની સહાય આપવામાં આવી છે. આ ઉપરાંત શ્રમિક પરિવહન યોજના અંતર્ગત ૩૪૪૩ લાભાર્થીઓને રૂ.૧૭૫.૧૮ લાખની સહાય ચૂકવાઈ છે. સ્થળાંતરિત થતા બાંધકામ શ્રમિકોના બાળકો માટે હોસ્ટેલ સહાય આપવામાં આવે છે, આ યોજના હેઠળ ૧૨૫૩ લાભાર્થીઓનેરૂ.૮૯.૨૦ લાખની સહાયચૂકવાઈ છે. અકસ્માત મૃત્યુ સહાય યોજન હેઠળ ૧૬૪ શ્રમિકોના વારસદારોને રૂ.૪૯૨ લાખની સહાય ચૂકવાઈ છે. ગો ગ્રીન શ્રમિક યોજના હેઠળ ૨૩૨ લાભાર્થીઓનેરૂ.૫૩.૪૯ લાખની સહાય ચૂકવાઈ છે. પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના હેઠળ ૧૯૯૨ શ્રમિકોને ૮.૦૬ લાખના ખર્ચે વીમાકવચ પૂરું પાડવામાં આવેલ છે. આ તમામ ૧૭ યોજનાઓ અન્વયે ગુજરાતમકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩થી અત્યાર સુધીમાં કુલ ૯૭,૦૯૧ લાભાર્થીઓને ૧૭,૨૪૪.૮૧ લાખની સહાય ચૂકવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીયછે કે, ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ઈ- નિર્માણ પોર્ટલમાંનોંધાયેલ શ્રમિકોને શ્રમિક અન્નપૂર્ણા યોજનાનોલાભ અપાય છે. શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો લાભ લેવા માટે બાંધકામ શ્રમિકે પોતાનું ઈ-નિર્માણ કાર્ડલઈ, શ્રમિક અન્નપૂર્ણા યોજનાના ભોજન વિતરણ કેન્દ્ર પર જવાનું થાય છે. કાર્ડમાં દર્શાવેલ ઈ-નિર્માણ નંબર અથવા ક્યુ.આર. કોડ સ્કેનકરાવી ભોજન વિતરણ કેન્દ્ર પરથી શ્રમિકને એક વ્યક્તિ દીઠ રૂ. ૫/- માં ટોકન આપવામાં આવે છે. ત્યાં શ્રમિકને એક સમયનું ભોજન વધુમાં વધુ ૬ વ્યક્તિ સુધી આપવામાં આવે છે. બાંધકામ શ્રમિકને એક ઈ-નિર્માણ કાર્ડ મારફત પોતાનાપુરા પરિવાર માટે એક સમયનું ભોજન મળવા પાત્ર છે. જે લાભાર્થીઓપાસે ઈ-નિર્માણ કાર્ડ ન હોઈ તેઓના માટે બુથ પર જ બાંધકામ શ્રમીકની હંગામી નોંધણી થાય છે અને ૧૫ દિવસ સુધી ભોજન મેળવી શકે છે. ઈ-નિર્માણ કાર્ડ ઈશ્યૂ થયેથી તે કાર્ડના આધારે શ્રમિક ભોજન મેળવી શકે છે. હાલ રાજ્યના ૧૦ જિલ્લામાં કુલ ૧૧૮ કડિયાનાકા પરના ભોજન વિતરણ કેન્દ્રો શરૂછે. છેલ્લા એક વર્ષમાં કુલ ૫૫ લાખ કરતાં વધારે ભોજન વિતરણ થયું છે. સરેરાશદરરોજ ૨૭હજાર કરતાં વધારે ભોજન વિતરણ થાય છે. જે માટે વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કુલ રૂ. ૨૫૦૨.૩૬ લાખ કરતાં વધારેનો ખર્ચથયો છે.

શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત માત્ર રૂ. પાંચમાં શ્રમિક તથાતેના પરિવારને પૌષ્ટિક ભોજન આપવામાં આવે છે. જેમાં રોટલી, શાક, કઠોળ, ભાત, અથાણું, મરચા અને ગોળનો સમાવેશ થાય છે. વધુમાં સપ્તાહમાં એક વાર સુખડી જેવા મિષ્ટાન્નનો પણ સમાવેશ કરવામાંઆવે છે.

ભારત તેની વધતી જતી વસતિની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માળખાગત સુવિધાઓમાં મોટા પાયે રોકાણ કરવા તરફ આગળ વધી રહ્યું છે અને આ લક્ષ્યાંક હાંસલ કરવા સ્ટીલ મહત્વપૂર્ણ છે: કેન્દ્રીય મંત્રી શ્રી પિયુષ ગોયલ

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ, ઉપભોક્તા બાબતો, ખાદ્ય અનેજાહેર વિતરણતથાટેક્સટાઇલ મંત્રીશ્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે, ભારતતેનીવધતીજતી વસતિની આકાંક્ષાઓ પૂર્ણ કરવામાળખાગત સુવિધામાં મોટાપાયે રોકાણ કરવા તરફ આગેકૂચ કરી રહ્યુંછે. આજે નવી દિલ્હીમાં આયોજિત ચોથી 'આઈએસએ સ્ટીલ કોન્ક્લેવ ૨૦૨૩'ને સંબોધિત કરતી વખતે મંત્રીશ્રીએ સ્વીકાર્યું હતું કે, આ લક્ષ્યાંક હાંસલ કરવા માટે સ્ટીલ આવશ્યક છે, જેમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં દર વર્ષે ૩૦૦ મિલિયન સ્ટીલનું ઉત્પાદનકરવાની આકાંક્ષા છે. કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ મિકેનિઝમ (સીબીએએમ) અંગે ચિંતા વ્યક્ત કરતાં શ્રી ગોયલે ખાતરી આપી હતી કે, ભારત સરકારે યુરોપિયન યુનિયન અને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન(ડબલ્યુટીઓ) માં આ મુદ્દો ઉઠાવ્યો છે. ભારતીય ઉત્પાદકો અને નિકાસકારો માટે વાજબી વ્યવહારનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો તથા સ્ટીલ ઉદ્યોગને નુકસાન પહોંચાડી શકે તેવાઅયોગ્ય કરવેરાકે કરવેરાનો વિરોધ કરવાની ભારતની કટિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. મંત્રીએ વિકસિત દેશોમાં સ્ટીલ ઉદ્યોગ માટે વધુ સારી મુક્ત વેપાર સમજૂતીની પહોંચ સુનિશ્ચિત કરવાના પ્રયાસો પર પણ પ્રકાશ પાડ્યો હતો અને બૌદ્ધિક સંપદાના મહત્વ પર ભાર મૂક્યો હતો અને વેપાર કરારોમાં મૂલ્ય સંવર્ધન પર ભાર મૂક્યો હતો. તેમણે ભારતમાં એમએસએમઈ ક્ષેત્રમાટે ઉદ્યોગના સમર્થનને પણ માન્યતાઆપી અને આ સેગમેન્ટ પ્રત્યે સતત પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. બાંધકામ ક્ષેત્રે સ્ટીલ ઉદ્યોગની ભૂમિકા, ભારતનો વિકાસ અને દેશને આત્મનિર્ભર બનવામાં મદદ કરવામાં તેના પ્રભાવપર મંત્રીશ્રીએપ્રકાશ પાડ્યો હતો. શ્રી ગોયલે ગુણવત્તાનાં ધોરણો પ્રત્યે ઉદ્યોગની કટિબદ્ધતા અને ગ્રાહકો માટે ઉચ્ચ-ગુણવત્તાયુક્ત સ્ટીલ ઉત્પાદનો સુનિશ્ચિત કરવા ગુણવત્તા નિયંત્રણનાં ઓર્ડર્સને વિસ્તૃત કરવાની જરૂરિયાતની પ્રશંસા કરી હતી. વધુમાં, મંત્રીએ સ્ટીલ ઉદ્યોગને અસર કરતી સલામતી ફરજ અને અન્ય આંતરરાષ્ટ્રીય વેપાર સમજૂતીઓ સાથે સંબંધિત ચિંતાઓને દૂર કરવાનું વચન આપ્યું હતું. શ્રી ગોયલે જણાવ્યું હતું કે, ભારતમાં સ્ટીલ ઉદ્યોગ અત્યારે આશરે ૨૦ લાખ લોકોનેરોજગારી આપેછે, જે રાષ્ટ્રીય જીડીપીમાં નોંધપાત્ર પ્રદાન કરે છે. મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, સ્ટીલ ઉદ્યોગ આત્મનિર્ભરતામાંનોંધપાત્ર વધારો કરી શકે છે, કારણ કે ભારત આ ક્ષેત્રની વધતી જતી માગને પહોંચી વળવા પ્રયાસરત છે. છેલ્લાં થોડાં વર્ષોમાં આ ઉદ્યોગની વૃદ્ધિ અને કામગીરી નોંધપાત્ર રહી છે, જેમાં શ્રી ગોયલને મુખ્ય સ્ટીલ ઉત્પાદકો પાસેથી તેમની ક્ષમતા વિસ્તરણ અને સ્થાયી ઉત્પાદન પદ્ધતિઓ માટેની યોજનાઓ વિશે પ્રતિસાદ મળ્યો છે. શ્રી ગોયલપ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનનો ઉલ્લેખ કરીને ભારપૂર્વક જણાવ્યું હતું કે, જ્યારેભારત વિકસિતરાષ્ટ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે સ્ટીલ ઉદ્યોગ દેશના માળખાગત સુવિધાને મજબૂત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે નોંધ્યું હતું કે, સ્ટીલ ઉદ્યોગનાં મહત્ત્વની આ માન્યતા સુસ્થાપિત છે, ખાસ કરીને ભારત માળખાગત સુવિધામાં મોટાપાયે રોકાણ કરવા સજ્જ છે. ભારતનો માથાદીઠ સ્ટીલનો વપરાશ નોંધપાત્ર રીતે વધવાની ધારણા છે, કારણ કે દેશ તેના અબજથી વધુ નાગરિકોના સ્વપ્નોને સાકાર કરવાની આકાંક્ષા ધરાવે છે. મંત્રીએ નોંધ્યું હતું કે, ભારતસ્ટીલનાચોખ્ખાઆયાતકારમાંથી ચોખ્ખા નિકાસકારમાં પરિવર્તિત થવાની આકાંક્ષા ધરાવેછે, જે તેની "એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય"ની થીમને ટેકો આપે છે. સ્પેશિયાલિટી સ્ટીલ માટે પ્રોડક્શન-લિંક્ડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) આ દિશામાં લેવામાં આવેલાં પગલાંઓમાંનું એક છે, જે ઉચ્ચ ગુણવત્તાયુક્ત સ્ટીલનાં ઉત્પાદનને પ્રોત્સાહન આપે છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતની સ્થિતિને મજબૂત કરે છે. તેમણે સ્ટીલ સ્લેગ રોડ ટેકનોલોજી જેવી પથપ્રદર્શકપહેલોને યાદકરી હતી, જેમાંરોડ અને હાઇવેના નિર્માણમાં કચરાના પ્રવાહના સ્લેગના અસરકારક ઉપયોગ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ પ્રથા વર્તુળાકાર અર્થવ્યવસ્થાના સિદ્ધાંતો સાથેસુસંગત છે. મંત્રીએ ભારતીય સ્ટીલ ઉદ્યોગની જીવંતતા માટે પ્રશંસા વ્યક્ત કરી હતીઅને તેને દેશના વિકાસનો પાયો ગણાવ્યો હતો. તેમણે આ ઉદ્યોગની શરૂઆતથી જ તેની વિકાસયાત્રાને પ્રતિબિંબિત કરી હતી અને જમશેદપુરના પ્રથમ સ્ટીલ શહેર તરફ વળ્યાહતા. સ્ટીલઉદ્યોગ સાથે વ્યક્તિગત જોડાણ વહેંચતા શ્રી ગોયલે ગર્વની લાગણી વ્યક્ત કરી હતી, કારણ કે અત્યારે ભારત અત્યારે જાપાનને પાછળ છોડીને વૈશ્વિક સ્તરે બીજા ક્રમના સૌથી મોટા સ્ટીલ ઉત્પાદક દેશ તરીકે ઊભુંછે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સ્ટીલનીતિ ૨૦૧૭ અને ઉદ્યોગનાંતાજેતરનાં રોકાણો, પુષ્કળ કાચા લોખંડનાં સંસાધનો અને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય માગમાંવધારો થવાને કારણે ભારત ૩૦૦ મિલિયન સ્ટીલનાં ઉત્પાદનનાં લક્ષ્યાંકનેહાંસલ કરવા સજ્જ છે. આ કાર્યક્રમમાં 'સ્ટીલ શેપિંગ ધ સસ્ટેઇનેબલ ફ્યુચર' વિષય પર ચર્ચા થઈ હતી, જે ભારતની વૃદ્ધિ અનેવિકાસમાં સ્ટીલ ઉદ્યોગની બહુમુખી ભૂમિકા પર ભાર મૂકે છે. શ્રી પિયૂષ ગોયલે આ થીમની પ્રશંસા કરી હતી અને વધુ સ્થાયી ભવિષ્યનુંનિર્માણ કરવામાં સ્ટીલની મુખ્ય ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કેવી રીતે સ્ટીલ, બાંધકામ અને ઉત્પાદનમાં આવશ્યક સામગ્રી તરીકે પરંપરાગત, પ્રદૂષક ઉદ્યોગોનું સ્થાન લેવામાં નોંધપાત્ર પ્રદાન કરી શકે છે. પર્યાવરણને લગતીવધતી જતી ચિંતાઓના યુગમાં મંત્રીશ્રીએ પ્રદૂષણ ઘટાડવામાં મદદરૂપ થઈ શકે તેવી જવાબદાર બાંધકામ પદ્ધતિઓ સહિત સાતત્યપૂર્ણ પદ્ધતિઓનામહત્વ પરભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતુંકે, આવર્ષે ૯-૨૦નાં રાષ્ટ્રપતિપદ પર ભારતનાં નેતૃત્વએ"એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય"ની થીમ પર ઉચિત પૃષ્ઠભૂમિ પ્રદાન કરી છે. શ્રી ગોયલે સ્થાયી પદ્ધતિઓ પર વધુ ચર્ચા કરવા, સ્ટીલ આપણા રોજિંદા જીવનમાં કેવીરીતે અભિન્ન રહે છે, તેબાબતને મજબૂતકરવા, આપણા માળખાગત સુવિધાઅને અર્થતંત્રને ધ્યાનમાં રાખીને વધુ ચર્ચાને પ્રોત્સાહન આપ્યું હતું. મંત્રીશ્રીએ કોકિંગ કોલસાની ઉપલબ્ધતા અને ખર્ચનાપડકારનો સ્વીકાર કર્યોહતો અને આ સમસ્યાનુંસમાધાન કરવા વૈકલ્પિક ટેકનોલોજીનીશોધ કરવા ઉદ્યોગને પ્રોત્સાહન આપ્યું હતું. સ્ટીલ ઉદ્યોગના ટકાઉપણા અને ભવિષ્ય માટે સંશોધનઅને વિકાસ આવશ્યક છે, જે લીલાઅને ઓછા કાર્બન વાળા સ્ટીલના ઉત્પાદનને પ્રોત્સાહન આપે છે. તેમણે તાજેતરમાં પ્રમોટ થયેલી ઓટોમોબાઇલ સ્ક્રેપિંગ નીતિનો ઉલ્લેખ કરીને સ્ટીલના ભંગારના રિસાયક્લિંગના મહત્વ પર ભાર મૂક્યો હતો અને ઊર્જા-કાર્યક્ષમ ઇલેક્ટ્રિક વાહનોની માગને વેગ આપવાની સાથે પ્રદૂષણ અને ક્રૂડ ઓઇલની આયાતમાં ઘટાડો કરવાની સંભવિતતાનો ઉલ્લેખ કર્યો હતો. શ્રી પિયૂષ ગોયલે સરકાર, ઉદ્યોગ અને ઉપભોક્તાઓ વચ્ચે સહયોગાત્મક અભિગમનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે ભારતમાં માથાદીઠ સ્ટીલના વપરાશ માટે મહત્વાકાંક્ષી લક્ષ્યાંકની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો તથા ઉદ્યોગના ખેલાડીઓને આ લક્ષ્યાંક હાંસલ કરવા નવીન અને સ્થાયી પદ્ધતિઓમાં જોડાવા પ્રોત્સાહન આપ્યું હતું. શ્રી પિયૂષ ગોયલે 'બ્રાન્ડ ઇન્ડિયા પ્રોજેક્ટ' માટે સ્ટીલ ઉદ્યોગના સમર્થનનો સ્વીકાર કર્યો હતોઅને ઉદ્યોગોને તેમની શક્તિનું પ્રદર્શન કરવા આગામી પ્રદર્શનોમાં સક્રિયપણે ભાગ લેવા અપીલ કરી હતી. તેમણે ભારતની વૃદ્ધિ અને વિકાસમાં પાયાનો પથ્થર બનવાની ઉદ્યોગની સંભવિતતામાં પોતાની માન્યતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

ભારતીય શિક્ષણ મંડળ તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ગુજરાત-સૌરાષ્ટ્ર પ્રાંતની એક-દિવસીય કાર્યશાળાનું આયોજન

કમલમ્ ન્યુઝ,

ભારતીય શિક્ષણ મંડળ અને ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે "રાષ્ટ્રીય શિક્ષણ નીતિનુંઅમલીકરણ" વિષયપર ૫નવેમ્બર ૨૦૨૩ ના રોજ એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ સ્થિત કેમ્પસ મુકામે યોજાયેલ આ કાર્યશાળામાં ભારતીય શિક્ષણ મંડળના ગુજરાત પ્રાંત અને સૌરાષ્ટ્ર પ્રાંત સાથે જોડાયેલ કુલ ૨૦૦ જેટલા અધિકારીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષણવિદો, અધ્યાપકો, શિક્ષકો, શિક્ષણ સંસ્થાઓના વહીવટી અધિકારીઓસહભાગી થયાહતા. મુખ્ય મહેમાન તરીકે ભારતીય શિક્ષણ મંડળના રાષ્ટ્રીય સંગઠન મંત્રી, શંકરાનંદજી, ડો બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી ના કુલગુરુ અને ભારતીય શિક્ષણ મંડળ મહિલા પ્રકલ્પના અખિલ ભારતીય પ્રમુખ ડો. અમી ઉપાધ્યાય, તેમજ સત્યવાન મેશરામજીએ ઉપસ્થિત રહી માર્ગદર્શનસહ શુભેચ્છાઓ આપી પ્રતિભાગીઓ સાથે પ્રેરણાદાયી સંવાદ કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ ભારતીય શિક્ષણ મંડળના પશ્ચિમ ક્ષેત્રના પાલક અધિકારી તેમજ ભારતીય શિક્ષણ મંડળ ગુરૂકુળપ્રકલ્પના અખિલ ભારતીય પ્રમુખ ડૉ. દીપક કોઈરાલા, ભારતીય શિક્ષણ મંડળ ગુજરાત પ્રાંત અધ્યક્ષ અને ભારતીય શિક્ષણ મંડળ ગુજરાત પ્રાંત મંત્રી ડૉ. દીપ ત્રિવેદી, ભારતીય શિક્ષણ મંડળ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ સુરેશભાઈ નહાટા અને મંત્રી ડૉ. ઋષિરાજભાઈ ઉપાધ્યાયના વ્યવસ્થાપન માર્ગદર્શનમાં ભારતીય શિક્ષણ મંડળ ના ગુજરાત-સૌરાષ્ટ્ર પ્રાંત કાર્યકારિણી ના અધિકારીઓ, સ્વયંસેવકોઅને ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અધિકારીઓ અને કર્મચારીઓના સહકાર અને પરિશ્રમથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. સમગ્ર કાર્યશાળામાં કુલ ત્રણ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ બે સત્રોમાં ભારતીય શિક્ષણ મંડળના રાષ્ટ્રીય સંગઠન મંત્રી શંકરાનંદજી દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ

નીતિના અમલીકરણમાં ભારતીય શિક્ષણ મંડળની ભૂમિકા, આવશ્યક કાર્યો, કાર્યક્રમો વિશે જ્ઞાનગોષ્ઠી કરી આ યુગકાર્યમાં વધુમાં વધુ પ્રદાન કરવા પ્રેરણા આપી હતી. તૃતીય સત્રમાં ભારતીય શિક્ષણ મંડળ ગુજરાત પ્રાંતના જુદાજુદા જિલ્લાઓની નવી કાર્યકારિણીની ઘોષણા તેમજ ભારતીય શિક્ષણ મંડળ ના ગુજરાત પ્રાંત તેમજ સૌરાષ્ટ્ર પ્રાંત નાઅધિકારીઓ તેમજસ્વયંસેવક પરિચય નું આયોજન થયું હતું. સમગ્ર કાર્યશાળામાં ભાગ લઈને સૌએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ઉત્તમ અમલીકરણ માટે વ્યક્તિગત રીતે સર્વોત્તમ પ્રદાન કરવાનો સત્સંકલ્પ કર્યો હતો.

સોમનાથ મંદિર પરિસરમાં તરભમાં પ્રસ્થાપિત થનાર વાળીનાથ મહાદેવ મહાશિવલિંગનો રુદ્રાભિષેક કરાયો

વિસનગર તાલુકાનાં તરભ ખાતે તા.૧૬થી ૨૨ ફેબ્રુઆરીના આશરે ૯૦૦ વર્ષ પુરાણા મંદીરની જગ્યામાં થશે વાળીનાથ મહાદેવની પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમ

તરભ ખાતે પ્રસ્થાપિત થનાર વાળીનાથ મહાદેવના મહાશિવલિંગની યાત્રા ભારતભરમાં બાર જ્યોતિર્લિંગ તથા ચારધામ સાથે પાવનકારી પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ ખાતે કરાઈ પરિપૂર્ણ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સોમનાથમાં પ્રારંભ કરાયેલ રામ નામ મંત્ર લેખન યજ્ઞમાં સહભાગી થતા વાળીનાથ મંદિર તરભનાં પ.પુ.ધ.ધૂ ૧૦૦૮ શ્રી જયરામગીરી બાપુ

કમલમ્ ન્યુઝ,સોમનાથ

શ્રદ્ધા અનેઆસ્થાના પ્રતીક એવા વિસનગર તાલુકાનાં તરભ ખાતે આવેલ આશરે ૯૦૦ વર્ષ પુરાણા ઈતિહાસ ધરાવતી રબારી સમાજની જગ્યામાં વાળીનાથ મહાદેવ પ્રાણ-પ્રતિષ્ઠા થનાર દેવતાઓની મૂર્તિઓ અને કલ્યાણકારી મહાશિવલિંગની ૧૨ જયોતિર્લિંગમાં રુદ્રાભિષેક મહાપૂજા તેમજ મહાઆરતી અને પુજા અર્ચના કરવામાં આવી રહી છે જેના ભાગરૂપેરવિવારની સાંજે પ્રથમ જયોતિર્લિંગ સોમનાથ મહાદેવના મંદિર પરિસરમાં રાત્રે ચાર પ્રહર રુદ્રાભિષેક મહાપૂજા તેમજ મહા આરતીનું સહિતની શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પૂજા અર્ચના કરવામાં આવીહતી તેમજ સદભાવના ગ્રાઉન્ડ સોમનાથ ખાતે પ્રસાદી અને ભવ્ય લોક ડાયરાનુ આયોજન કરાયુ હતુ. વિસનગર તાલુકાનાં તરભ ખાતે આવેલ શિવધામ વાળીનાથ મહાદેવ(અખાડા,તરભ)એ આશરે ૯૦૦ વર્ષ જુની રબારી સમાજ સહિતના સમાજની આસ્થાની જગ્યા છે ગુજરાત ભરના રબારી સમાજના આ આસ્થાની પૌરાણીક જગ્યામાં ગુજરાતમાં સોમનાથ પછીનુ બીજા નંબર સૌથી મોટુ મહાદેવનુ ભવ્ય નવનિર્મિત પ્રતિષ્ઠિત મંદિર મુહૂર્ત આધારે તા. ૧૬થી ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪ને ગુરૂવારના રોજ ભગવાન વાળીનાથ મહાદેવની પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમ યોજનાર છે,પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમને અનુસંધાને કલ્યાણકારી મહાશિવલિંગની ૧૨ જ્યોતિર્લિંગ અને ચાર ધામમાં રુદ્રાભિષેક મહાપૂજા તેમજ મહા આરતી કરવામાં આવી રહી છે.જેના ભાગરૂપે ગુજરાતમાં ભવ્ય શિવલીંગનું નાગેશ્વર મહાદેવ દ્વારકામાં પુજા આરતી અને રુદ્રાઅભિષેક સહિતની શાસ્ત્રોક્ત વિધિ કરવામાં આવી હતી ત્યાર બાદ ભવ્ય શિવલીંગનું નાગેશ્વર મહાદેવ દ્વારકાથી સોમનાથ ખાતે ભવ્ય શોભાયાત્રા કરવામાં આવી હતી.

ત્યારબાદ સોમનાથ ખાતે સોમનાથ મંદિર પરિસરથી નજીક પથિકાશ્રમ મેદાનમાં રાત્રે ૧૨ થી ૪ વાગ્યા સુધી ચાર પ્રહર ની રુદ્રાભિષેક મહાપુજા કરવામાં આવીહતી અને આ સમયે સૌરાષ્ટ્ર રબારી સમાજ દ્વારા સજુંગાને કરવામાંઆવ્યુ હતુ.તેમજ તા.૦૬ નવેમ્બરના રોજ સવારે ૪ કલાકે ચાર પ્રહર ની ચાર મહાઆરતી કરવામાં આવશે તથા સવારે ૮ કલાકે મંદિર પરિસરમાં ભવ્ય શિવલીંગની પુજા અર્ચના કરવામાં આવી હતી.અને ભોજન નુ આયોજન કરવામાં આવ્યુહતુ અને ત્યારબાદ ભવ્ય લોકડાયરો યોજાયો હતો જેમાંભાવી ભક્તો, સાધુ - સંતો, રાજકીય અને સામાજીક અગ્રણીઓ સહિતનો લોકો જોડાયા હતા.તેમજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં ગુજરાત મુલાકાત દરમિયાન ગાંધીનગરમાં સૌપ્રથમરામ નામ લેખન યજ્ઞના કરાવેલા પ્રારંભને સોમનાથમાં રામમંદિર ખાતે લેખન યજ્ઞમાં વિસનગર તાલુકાના વાળીનાથ મંદિર તરભનાં પ.પુ.ધ.ધૂ ૧૦૦૮ શ્રી જયરામગીરી બાપુ મહંતશ્રી જયરામગીરી બાપુપણ સોમનાથ ખાતેરામ મંદિરમાં મંત્ર લેખનમાં જોડાયા હતા.અને સોમનાથ અને રામ મંદિર અદ્વિતીય સમાનતાઓ ધરાવે છે, વિસર્જન બાદ સર્જનની આ મહાગાથા રાષ્ટ્રની એકતાને સુદ્રઢ કરવાનું કાર્ય કરશે. સોમનાથમાં લખાયેલ રામ નામ અયોધ્યા રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા સમયે સમર્પિત કરવામાંઆવશે. નોધનીય છે કે શ્રી શિવધામ વાળીનાથ મહાદેવ(અખાડા, તરભ) નવનિર્મિત મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર ભવ્ય શિવલિંગનીયાત્રાભારતભરમાંબાર જ્યોતિર્લિંગ તથા ચાર ધામ સાથે પાવનકારી જ્યોતિર્લિંગશ્રી સોમનાથ ખાતે પરિપૂર્ણ કરાઈ છે. અને વિસનગર તાલુકાનાં તરભ ખાતે તા.૧૬ થી ૨૨ ફેબ્રુઆરીના વિસનગર તાલુકાના તરભ ખાતે આવેલી વાળીનાથ મંદીરની જગ્યામાં વાળીનાથ મહાદેવની પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમ યોજાશે આ પાવન અને કલ્યાણકારી પ્રસંગે સામાજિક અગ્રણીઓ તથા ભુવા આતા અને આઈમાતાઓ અને રાજકીય અને સામાજીક મહાનુભાવોએ અને ગુજરાત ભરના રબારી સમાજે હાજરીઆપી હતી



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા-માર્ગદર્શનમાં તૈયાર થયેલું સુરત ડાયમંડ બુર્સ ગુજરાતની અનેક નવતર પહેલરૂપ વિશેષતામાં એક નજરાણું : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સોમવારે સાંજે સુરત મુલાકાત દરમિયાન ખજોદમાં નિર્માણ થયેલા ડાયમંડ બુર્સ-ડ્રીમ સિટી પ્રોજેક્ટની સમીક્ષા કરી

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં સુરત ખાતે સાકાર થયેલા તેમના ડ્રીમ પ્રોજેક્ટ 'સુરત ડાયમંડ બુર્સ' ની મુલાકાત લીધીહતી. મુખ્યમંત્રીશ્રી ભારતીય નૌ સેનાના વોરશીપ 'સુરત' ના ક્રેસ્ટ અનાવરણ માટે સુરતની મુલાકાતે હતા. આ કાર્યક્રમ પૂર્વે તેમણે ખજોદના આ 'સુરત ડાયમંડ બુર્સ' ની મુલાકાત લઈને બુર્સની કોર કમિટી તથા જિલ્લા-શહેરના તંત્રવાહકો સાથે સમીક્ષા બેઠક યોજી હતી. મુખ્યમંત્રીશ્રી સમક્ષ 'સુરત ડાયમંડબુર્સ' અંગેના પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું હતું કે, અંદાજે ૧૪.૩૮હેક્ટરમાં પથરાયેલું આ ડાયમંડ બુર્સ ૧૫ માળના નવ ટાવર સાથે ૬.૬૦ લાખસ્ક્વેર મીટરનીવિશાળ ફ્લોર સ્પેસ ધરાવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'સુરત ડાયમંડ બુર્સ' વિશ્વનું સૌથી વિશાળ કોર્પોરેટ ઓફિસ હબ તેમજ મોટું ડાયમંડ ટ્રેડિંગ હબ બનશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

તેમણે ઉમેર્યું કે, આના પરિણામે દેશ-વિદેશના ડાયમંડ વેપારીઓને વર્લ્ડ ક્લાસટ્રેડ સેન્ટર મળશે અને તેનો સીધો લાભ દેશ તથા રાજયના અર્થતંત્રને મળવા ઉપરાંત અનેક રોજગાર અવસરો ઊભા થશે.મુખ્યમંત્રીશ્રીએ ડાયમંડ બુર્સ સાથેડ્રીમ સિટીપ્રોજેક્ટની પણ સમીક્ષા કરીને પ્રગતિની વિગતો અધિકારીઓ પાસેથી મેળવી હતી. આ બેઠકમાંસુરત ડાયમંડ બુર્સના શ્રી મથુરભાઈ સવાણી, સવજીભાઈ ધોળકિયા, બુર્સ કમિટીના વિવિધ સભ્યો તેમજ મુખ્ય મંત્રીશ્રીનાં અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, પોલીસ કમિશનર શ્રી અજય તોમર, મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલ, જિલ્લા કલેક્ટર શ્રી આયુષ ઓક અને સંબંધિત અધિકારીઓ પણ જોડાયા હતા.

રાષ્ટ્રીય શિક્ષણનીતિને અનુરૂપ ફ્રેરેન યુનિવર્સિટીકેમ્પસની રજૂઆત : ધર્મેન્દ્ર પ્રધાન

ગાંધીનગરમાં ૨ ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટી કેમ્પસનું ઉદઘાટન

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય શિક્ષણ અને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે જણાવ્યું હતું કે, ભારતમાં વિદેશી યુનિવર્સિટી કેમ્પસની રજૂઆત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં દર્શાવેલા વિઝન સાથે સંપૂર્ણપણે સુસંગત છે. ગાંધીનગરની ગિફ્ટ સિટી ખાતે આજે 'આરંભ (ધબિગિનિંગ): ઓસ્ટ્રેલિયનયુનિવર્સિટી કેમ્પસીસઈન ઈન્ડિયા' કાર્યક્રમમાં બોલતા તેમણે જણાવ્યું હતું કે, આ પરિવર્તનકારી નીતિ 'ઈન્ટરનેશનલાઈઝેશન એટ હોમ' પર ભાર મૂકે છે, જેનો ઉદ્દેશ આપણા પોતાના દેશની અંદર વાઈબ્રન્ટ, વૈવિધ્યપૂર્ણ અને સર્વસમાવેશક શૈક્ષણિક વાતાવરણનું નિર્માણ કરવાનો છે. મંત્રીએ જણાવ્યું હતું કે, આ ભારતની શિક્ષણ વ્યવસ્થાનાં વૈશ્વિકરણની દિશામાંમોટી હરણફાળ સૂચવે છે, જે વૈશ્વિક કક્ષાની શીખવાની તકોને આપણાં ઘરઆંગણે લાવે છે. ગુજરાત તકોની ભૂમિ છે. વાઈબ્રન્ટ ઈકોનોમી, અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈઝઓફ ડુઈંગબિઝનેસ ઈકોસિસ્ટમ ધરાવતું પ્રગતિશીલ રાજ્ય, ગુજરાત એ ભારતનું અગ્રણી ગ્રોથ એન્જિન છે. ગિફ્ટ સિટીમાં આબે ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીઓનું કેમ્પસ ખરેખર એક ભેટ છે જેની દેશરાહ જોઈરહ્યોછે, "તેમણે જણાવ્યું હતું. આ સમારંભમાં ગિફ્ટ સિટીમાં ડેકિન યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઓફ વોલોંગોંગના કેમ્પસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, જેમાંઓસ્ટ્રેલિયા સરકારનાશિક્ષણ મંત્રી શ્રી જેસનક્લેર, ઓસ્ટ્રેલિયા સરકારનાકૌશલ્ય અને તાલીમ મંત્રી શ્રી બ્રેન્ડનઓ'કોનોર (ઓન-લાઈન), ડેકિન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રોફેસર આયન માર્ટિન વાઈસ ચાન્સેલર, પ્રોફેસર પેટ્રિશિયા ડેવિડસન, વાઈસ ચાન્સેલર, ઓસ્ટ્રેલિયા સરકાર, યુનિવર્સિટી ઓફ વોલોંગોંગ, અને ભારત અને ઓસ્ટ્રેલિયાના જાણીતા શિક્ષણવિદો સાથે વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પોતાનાવક્તવ્ય દરમિયાન મંત્રીએ જણાવ્યું હતું કે, પ્રસિદ્ધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની હાજરીસાથે અમે સમૃદ્ધ સાંસ્કૃતિક અને શૈક્ષણિક આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવાઈચ્છીએ છીએ, જ્યાં વિશ્વનાવિવિધ ખૂણેથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહયોગ કરશે, શીખશે અને સાથેમળીને વિકાસ કરશે. આ માત્ર શિક્ષણની ગુણવત્તાને જ ઉન્નત નહીં કરે, પરંતુ આપણા વિદ્યાર્થીઓને વૈશ્વિક પરિપ્રેક્ષ્ય સાથે સશક્ત પણ બનાવશે, જે આજની એકબીજા સાથે જોડાયેલીદુનિયામાં આવશ્યક છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "પ્રાચીન કાળથી જ આપણું રાષ્ટ્ર જ્ઞાનનું કેન્દ્ર રહ્યું છે. આપણે આજે જ્યાં છીએ ત્યાંથી બહુ દૂર નથી, એક સમયે ૭મી સદીમાં શિક્ષણના પ્રખ્યાત કેન્દ્ર વલ્લભી યુનિવર્સિટી ઊભી હતી. તત્ત્વજ્ઞાન, તર્કશાસ્ત્ર, વ્યાકરણ, સાહિત્ય અને ગણિતજેવા વિષયો શીખવવામાં તેઉત્કૃષ્ટ હતું. આ યુનિવર્સિટી તેના ઉચ્ચ શૈક્ષણિક ધોરણો માટે જાણીતી હતીઅને તેણે સમગ્ર ભારત અને વિદેશના વિદ્વાનોને આકર્ષ્યા હતા.આવા ઐતિહાસિક ઉદાહરણોથી પ્રેરિત થઈને, આજે આપણે ફરી એકવાર વૈશ્વિક શિક્ષણ સ્થળ બનવાની દિશામાં મહત્વપૂર્ણ નીતિગત નિર્ણયો લઈ રહ્યા છીએ, "તેમણેજણાવ્યું હતું.

વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૪ પ્રતિનિધિમંડળે દક્ષિણ કોરિયાની મુલાકાત લીધી

દક્ષિણ કોરિયામાં ભારતના રાજદૂત શ્રી અમિત કુમારે વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૨૪ માટે પાર્ટનર કન્ટ્રી તરીકે દક્ષિણ કોરિયા જોડાશે તેવી જાહેરાત કરી

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર,

વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૪ના પ્રતિનિધિમંડળે વાઈબ્રન્ટ ગુજરાત આંતરરાષ્ટ્રીય રોડ શોના ભાગરૂપે ૭ નવેમ્બર, ૨૦૨૩ના રોજ દક્ષિણ કોરિયામાં સિઓલની મુલાકાત લીધી હતી. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS) 2024 પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમાર, છજી દ્વારા કરવામાં આવ્યું હતું. વિવિધ ક્ષેત્રોના વિવિધ પ્રતિનિધિમંડળોની સહભાગિતાએ ગુજરાત અને દક્ષિણ કોરિયા વચ્ચે સહકાર, નવીનતા અને રોકાણના માર્ગો શોધવાની સહિયારી પ્રતિબદ્ધતા દર્શાવી હતી. રિપબ્લિક ઓફ કોરિયામાં યોજાયેલા વાઈબ્રન્ટ ગુજરાત રોડશોએ બંને દેશો વચ્ચે ચર્ચાઅનેમજબૂતસંબંધોમાટે મંચ પૂરો પાડ્યો હતો મજબૂત વ્યાપારી સંબંધો અનેઅવારનવારે રાજદ્વારી મુલાકાતો ગુજરાતઅને રિપબ્લિક ઓફ કોરિયા વચ્ચેના મજબૂત દ્વિપક્ષીય સંબંધોને ટકાવીરાખે છે. રિપબ્લિક ઓફ કોરિયા (RoK) સાથેભારતના સંબંધોઉચ્ચસ્તરીય આદાન-પ્રદાન,પરસ્પર સદ્ભાવના અને સહિયારા હિતોના કારણે સાચાઅર્થમાં બહુપક્ષીયબન્યા છે. કોટ્રા (KOTRA)ના ડાયરેક્ટર જનરલ, સુશ્રીયુન યંગયાંગ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદકોરિયામાં ભારતના રાજદૂત શ્રી અમિત કુમારે વિશેષ પ્રેરણાદાયીસંબોધન કર્યું હતું. સત્ર દરમિયાન શ્રી અમિત કુમારે વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૪ માટે પાર્ટનર કન્ટ્રી તરીકે દક્ષિણ કોરિયાના કન્ફર્મેશનની જાહેરાત કરી હતી, જે દક્ષિણ કોરિયાના રોડ શોમાંએક મહત્વપૂર્ણ માઈલસ્ટોન હતો. વધુમાં, રોડ શો દરમિયાન વાઈબ્રન્ટ ગુજરાત પર ઓડિયો-વિઝ્યુઅલ ફિલ્મનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગુજરાતસરકારના અગ્રસચિવ શ્રી અશ્વિની કુમાર, IAS દ્વારા એક પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું, જેમાંગુજરાતમાં રહેલીક્ષેત્રીય તકો પર પ્રકાશ પાડવામાં આવ્યો, સાથે સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્ર પરપણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. તેઓએ ગુજરાતમાં સ્થિત ગિફ્ટ સિટિમાં ઉપલબ્ધ તકો વિશે પણ ટૂંકમાં ચર્ચા કરી હતી. ત્યારબાદ ગુજરાતમાં સફળ કામગીરી અને અનુભવ ધરાવતી કોરિયન એન્ટિટી, કુકડો કેમિકલ્સના ડિરેક્ટર શ્રી સિયાન એસ. એચ. ઓહ દ્વારા ગુજરાત અંગેના તેમના અનુભવો શેર કરવામાં આવ્યા હતા. શ્રી સિયાને એ બાબતની પ્રશંસા કરી કે કેવી રીતે ગુજરાતસરકારે (GIDC) જમીનની ઓળખથી લઈને વ્યાપારી ઉત્પાદન શરૂ કરવા સુધીની તમામ બાબતો માટે સંપૂર્ણ સહયોગ આપ્યો.તેમણે ગુજરાતની રોકાણકારો માટે મૈત્રીપૂર્ણ નીતિઓ અને સક્રિય વહીવટ પર પણ ભાર મૂક્યોહતો. HOPS હેલ્થકેરના શ્રી વિવેક પટેલ દ્વારા પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. તેમણે ઉભરતા હેલ્થકેર ટેક્નોલોજી ક્ષેત્રે દક્ષિણ કોરિયા અનેભારત વચ્ચેના સંભવિત સહયોગ અંગે વાત કરી હતી. એલ એન્ડ ટી (L&T) ડિફેન્સના વડા શ્રી સંજીવ મુલગાંવકરે, એલએન્ડ ટી ડિફેન્સ અને અગ્રણી કોરિયન કંપની હનવાહ વચ્ચેની ભાગીદારીની સફળતા વિશે વાત કરી હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના શ્રી વિશ્વેશ વચ્છરાજાની અને શ્રી અનિસ દેસાઈએ ગુજરાતમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સફર દર્શાવી હતી. મહિન્દ્રા કોરિયાના વરિષ્ઠ સલાહકારઅને ICCKના બોર્ડ મેમ્બર ડૉ. ઈનબોમચોઈઅને ટિપ્સન્સ ગ્રુપનામેનેજિંગ ડિરેક્ટર શ્રી જીતેન્દ્ર શાહ દ્વારા કાર્યક્રમમાં સંબોધન કરવામાં આવ્યું હતું. નેશનલ એસેમ્બલીના ૨૦માં સભ્ય, શ્રી સેંગ તાઈ કિમએ ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની વિચારધારા પર આધારિત 'ફોર ધ પીપલ' નામના પુસ્તકના તેમના દ્વારા અનુવાદિત સંસ્કરણ અંગેવાત કરીહતી. તેમણે દક્ષિણ કોરિયામાં ભારતના હીઝ એક્સલન્સી એમ્બેસેડર અને ગુજરાત સરકારના અગ્ર સચિવ IAS શ્રીઅશ્વિની કુમારનેપણ આ પુસ્તકની ભેટ આપી હતી. આ રોડ શો બાદ હનવાહ, સિમ્ટેક, લોટ્ટે ફાઈન કેમિકલ, એલજી એનર્જી, એલએક્સ ઈન્ટરનેશનલ અને સુંગઈલ હાઈટેક સહિત દક્ષિણ કોરિયાના કેટલાક અગ્રણી બિઝનેસ ગ્રુપ સાથે વન-ટુ-વન મીટિંગ કરવામાં આવી હતી. શ્રી અશ્વિની કુમારે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ માટે રોકાણકારોને ઔપચારિક આમંત્રણ આપ્યું હતું, જ્યાં આ કંપનીઓએ સમિટમાં હાજરી આપવાનોઅને રાજ્ય દ્વારા ઓફર કરવામાં આવતી તકોને વધુ એક્સપ્લોર કરવામાં રૂચિ દર્શાવી હતી. પ્રતિનિધિમંડળની દક્ષિણ કોરિયાની મુલાકાતમાં અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. આ દરમિયાન દક્ષિણ કોરિયા અને ગુજરાત વચ્ચેના આર્થિક અને સાંસ્કૃતિક સંબંધોને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા જોવા મળી હતી. આ મુલાકાતમાં પ્રતિનિધિમંડળને ગુજરાતના ઉષ્માભર્યા આતિથ્ય સત્કાર, વિવિધતા અને પ્રગતિશીલ હેતુઓ દર્શાવવાની તક મળી હતી. ઉલ્લેખનીયછે કે,વાઈબ્રન્ટ ગુજરાત એ દ્વિવાર્ષિક વૈશ્વિક બિઝનેસ સમિટ છે, જે ગુજરાતમાં ૧૦-૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન યોજાશે. તે રોકાણની તકો, નવીનતાને પ્રોત્સાહન આપવા અને ભાગીદારી સ્થાપિત કરવા માટે વ્યવસાયોઅને સરકારોમાટે એક પ્રમુખ પ્લેટફોર્મ તરીકે કાર્ય કરે છે. આ ઈવેન્ટ ગુજરાતની આર્થિક ક્ષમતા અને બિઝનેસ-ફ્રેન્ડલી નીતિઓને પ્રોત્સાહન આપવા માટેની રાજ્યની પ્રતિબદ્ધતા દર્શાવે છે. વાઈબ્રન્ટ ગુજરાત વિશે વધુ માહિતી માટે અથવા આગામી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ વિશે જાણવા માટે, કૃપા કરીને wwwvibrantgujaratcom ની મુલાકાત લો.

ઈન્ડો-જર્મન દ્વિપક્ષીય પ્રોજેક્ટ અંતર્ગત 'RECAP4NDC'ના અમલીકરણથી ગુજરાતમાં વન વિસ્તારને પુન:જીવિત કરવાની સાથે વૃક્ષોના સંરક્ષણ-જાળવણીને વધુને વધુ પોત્સાહન મળશે: વન અને પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરા

વન-પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરાની અધ્યક્ષતામાં તેમજ રાજ્યકક્ષાના મંત્રી શ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં ઈન્ડો-જર્મન દ્વિપક્ષીય પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર ખાતે 'RECAP4NDC'ના લોન્ચિંગ માટે સમજૂતી કરાર કરાયા

કમલમ્ ન્યુઝ,

ઈન્ડો-જર્મન દ્વિપક્ષીય પ્રોજેક્ટ અંતર્ગત 'રીસ્ટોર,કન્ઝર્વ એન્ડ પ્રોટેક્ટ ફોરેસ્ટ એન્ડટ્રી કવર ફોર એનડીસીઈમ્પલિમેન્ટેશન ઈન ઈન્ડિયા 'RECAP4NDC'ના અમલીકરણ થી ગુજરાતમાં વન વિસ્તારને પુનઃ જીવિત કરવા,વન વિસ્તાર બહાર આવેલા વૃક્ષોના સંરક્ષણ, જાળવણી અને વૃક્ષોની સંખ્યાવધારવાવધુનેવધુ પોત્સાહન મળશે તેમ, વન અને પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ ગાંધીનગર ખાતેજણાવ્યું હતુ. વન અને પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરાની અધ્યક્ષતામાં તેમજ વન અને પર્યાવરણ રાજ્ય કક્ષાના મંત્રી શ્રી મુકેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ગુજરાત સરકારના વનવિભાગે રાજ્યમાંવન વિસ્તાર-વનબહારના વૃક્ષોના સંરક્ષણ માટે ઈન્ડો-જર્મન દ્વિપક્ષીય પ્રોજેક્ટ અંતર્ગત આજે હોટલ લીલા, ગાંધીનગર ખાતે 'રીસ્ટોર,કન્ઝર્વ એન્ડ પ્રોટેક્ટ ફોરેસ્ટ એન્ડટ્રી કવર ફોર એનડીસીઈમ્પલિમેન્ટેશન ઈન ઈન્ડિયા- RECAP4NDC'ના લોન્ચિંગ માટે સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા. વન અને પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ કહ્યું હતું કે, તત્કાલીન મુખ્ય મંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળમાં ભારતમાં સૌપ્રથમ વખત ગુજરાતમાં અલાયદો કલાઈમેન્ટ ચેન્જ વિભાગ શરૂકરવામાં આવ્યો હતો. પંચામૃતના સિદ્ધાંતો પર આપણે પર્યાવરણ ક્ષેત્રે નેટ ઝીરોના લક્ષ્યાંકને હાંસલ કરવા કાર્ય કરી રહ્યા છીએ. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા વન વિસ્તાર બહાર શરૂ કરાયેલા સામાજિક વનીકરણ અભિયાન,વન મંડળીઓ, વન મહોત્સવ, સાંસ્કૃતિક વન, સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગ તેમજ કંપનીઓ દ્વારા સી.એસ.આર.ફંડમાંથી વૃક્ષો વાવેતરના પ્રયાસોથી ગુજરાતમાં વન વિસ્તારમાં નોંધપાત્ર વધારો થયો છે. ગુજરાતમાં હાલ ૨૨ સાંસ્કૃતિક વનો નિર્માણ કરવામાં આવ્યા છે જયારે ચાલુ વર્ષે ૨૩માં સાંસ્કૃતિક વન તરીકે હરસિદ્ધિ વન તૈયાર કરવામાં આવી રહ્યુંછે. દેશમાં મેન્ગ્રુવના જંગલ વિસ્તારમાં પણ પશ્ચિમ બંગાળ બાદ ગુજરાત બીજુ સ્થાન ધરાવે છે. ગુજરાતમાં કચ્છની સરહદે સિરક્રીક વિસ્તારમાં અંદાજે ૧,૦૦૦એકરમાં મેન્ગ્રુવના વૃક્ષો ઉછેરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે. તેમ,મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. વન મંત્રીશ્રીએ કહ્યું હતુ કે, ગુજરાત સમગ્ર દેશમાં જૈવ વૈવિધ્યતામાં આગવું સ્થાન ધરાવે છે ત્યારે જી-૨૦ બેઠક અંતર્ગત નક્કીકર્યામુજબ 'RECAP4NDC'ના અમલીકરણ થી વનો પુનઃજીવિત થવાથી ગ્રીન કવર તેમજ વન્યજીવોમાં વધારો થશે. આ ઉપરાંત ઈકોટુરીઝમ ક્ષેત્રે સ્થાનિક રોજગારીમાં વધારો થશે તેમ, જણાવી મંત્રીશ્રીએ આ પ્રોજેક્ટ માટે ગુજરાતની પસંદગી થવા બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા. વન અને પર્યાવરણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે,વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત સહિત ભારતભરમાં વન સંપદા વિકસાવવા વિશેષ પ્રયાસો કરાશે. ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં ૩૩ ટકા વન વિસ્તારનો લક્ષ્યાંક સિદ્ધ કરવા વર્ષ ૨૦૦૩થી વિશેષ પ્રયત્નો હાથ ધર્યા છે. ગુજરાતે સાંસ્કૃતિક વનોની સાથે નમો વડ વન તૈયારકરવાનો નવોપ્રકલ્પ હાથ ધર્યો છે જે અંતર્ગત ગુજરાતમાં હાલ ૮૨ જેટલા નમો વડ વન નિર્માણ કરવામાં આવ્યા છે. ડાંગ જેવા વિસ્તારમાં સ્થાનિકો તેમજ રાજા દ્વારા જંગલનું જતન-સંરક્ષણ કરવામાં આવે છે જેનું રાજ્ય સરકાર દ્વારા સન્માન કરવામાં આવે છે.રાજ્યમાંનાના પ્રોજેક્ટોમાંપણ ફરજીયાતપણે વૃક્ષો ઉછેરવા બાબતે રાજ્ય સરકાર વિચારી રહીછે. તેમ જણાવી રાજ્યમંત્રીશ્રીએ રાજ્યમાં વન વિસ્તાર વધારવા સંયુક્ત પ્રયાસો હાથ ધરવા ઉપસ્થિત સૌને અનુરોધ કર્યોહતો. વન વિભાગના અગ્ર સચિવ શ્રી સંજીવકુમારે 'રીસ્ટોર,કન્ઝર્વ એન્ડપ્રોટેક્ટ ફોરેસ્ટ એન્ડ ટ્રી કવર ફોર એનડીસી ઈમ્પલિમેન્ટેશન ઈન ઈન્ડિયા- RECAP4NDC'ના લોન્ચિંગ અંગે જણાવ્યું હતુંકે, આ પ્રોજેક્ટ હાલમાં મહારાષ્ટ્ર, ઉતરાખંડ, દિલ્હી-NCRમાંઅમલીબનાવવા માં આવ્યો છે જયારે ચોથા રાજ્ય તરીકે ગુજરાતનીપસંદગી કરવામાં આવીછે. ગુજરાતમાંવન સંરક્ષણ ક્ષેત્રે કાર્ય કરવા આ પ્રોજેક્ટ આગામી ૬ વર્ષ માટે કાર્યરત રહેશે. ગુજરાત ના વન વિભાગના PCCF- HOFFશ્રીએસ. કે .ચતુર્વેદીએજણાવ્યું હતુંકે, ભારત સરકાર અને જર્મન સરકારના સંયુક્ત ઉપક્રમે આ પ્રોજેક્ટ ગુજરાતમાં અમલી બનવા જઈ રહ્યોછે.આપ્રોજેક્ટના અમલીકરણ થી ગુજરાતમાં વન વિસ્તાર અને સમગ્ર ઈકોસિસ્ટમ વધુ સમૃદ્ધ બનશે. ગુજરાત પાસે અરવલ્લી, વિદ્યાચલ, સહ્યાદ્રી, ગિરનાર, રણવિસ્તાર અને વિશાળ દરિયાકિનારો આવેલો છે જેથી આ પ્રોજેક્ટના અમલીકરણ ગુજરાતના વન વિસ્તાર અને વન્ય જીવોના સંરક્ષણ અને જતનમાં ખૂબ મોટો ફાયદો થશે. GIZ ઈન્ડિયાના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડૉ. એલેજાન્ડ્રો વોન બેટ્રોબે 'રીસ્ટોર,કન્ઝર્વ એન્ડ પ્રોટેક્ટ ફોરેસ્ટ એન્ડટ્રી કવર ફોર એનડીસી ઈમ્પલિમેન્ટેશન ઈન ઈન્ડિયા- RECAP4NDC'ના અમલીકરણ અંગે વિગતવાર માહિતી આપી હતી. આ પ્રસંગે દિવસદરમિયાન હોટલ લીલાખાતે વન વિભાગનાઉચ્ચ અધિકારીઓ, GIZ ઈન્ડિયાનાવૈજ્ઞાનિકો તેમજ પર્યાવરણ વિદોની ઉપસ્થિતિમાં વિશેષ ટેકનીકલ પેનલ ડીસ્કશન યોજાયા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028